
# પ્રાચીન સ્તવનાવલી

## ૧૮

## શ્રી અરનાથ ભગવાન



# નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧

સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨

જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩

અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪

નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

## ૧૮

## શ્રી અરનાથ ભગવાન


**: પ્રાપ્તિ સ્થાન :**

શ્રી હસમુખભાઈ ચુડગર

૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,

અમદાવાદ - ૩૮૦ ૦૦૯

પ્રત : ૧૦૦૦ મૂલ્ય : શ્રદ્ધા ભક્તિ

# પ્રાસ્તાવિક

પરમાત્મ ભકિતનાં અજોડ આલંબને જીવ બાહ્યદશાથી મુકત થઈ અંતરાત્મદશા દ્વારા પરમાત્મ દશાને સહજતાથી પામી શકે છે. પૂર્વ મહાપુરૂષોએ ભક્તિના ક્ષેત્રે જે કૃતિઓનું યોગદાન કર્યું છે. તે પૈકી પ્રત્યેક જીનેશ્વર દેવોનાં પ્રાચીન લગભગ બધાજ પ્રાપ્ય સ્તવનોનો સ્વતંત્ર રીતે જુદી જુદી આ લઘુ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

આ સ્તવનોનાં રચયિતાઓએ પરમાત્મ ભક્તિની જે મસ્તિ માણી છે તેનો યત્કિંચિત રસાસ્વાદ પ્રાપ્ત કરવા આ પુસ્તિકાનો ઉપયોગ કરીશું તો અર્થગાંભીર્ય યુક્ત આ પ્રભુભક્તિ-આત્મિક શક્તિ પ્રગટાવી મુક્તિને નજીક લાવવામાં સહાયક થશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) ના
ગુરૂકૃપાકાંક્ષી શિષ્ય જગચ્ચન્દ્રસૂરિ

# પ્રભુભક્તિ

પ્રભુને રોજ ભજવા છતાં આનંદની મસ્તિ અનુભવાતી નથી તેનું કારણ પરમાત્માને ઓળખવામાં હજી આપણે ઉણા ઉતર્યા છીએ ગતાનુગતિકતાથી નહિ વાસ્તવિકતાથી પરમાત્માનું દર્શન કરીશું તો પરમાત્મભક્તિથી શક્તિ આપણને આનંદઘન બનાવી દેશે.

આ જીવે સંસારના પ્રત્યેક પદાર્થો પાછળ આંસુ પાડયા હશે તે આંસુઓ સાગરના પાણીથી પણ વધી જાય પરંતુ તે આંસુની કોઈ કિંમત નથી. પ્રભુભક્તિ-પ્રભુરાગ પાછળ બે આંસુ પણ પડી જશે તો પ્રથમના બધા આંસુના સરવાળાને ટપી જશે તે ભક્તિથી આત્માની મુક્તિ નજીક આવી જશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)

## અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| ઠાણ સર્વાર્થ થકી ચવ્યા | શ્રી વીરવિજયજી | ૧ |
| નાગપુરે અર જિનવરૂ, | શ્રી પદ્મવિજયજી | ૧ |
| સર્વાર્થથી આવીયા | શ્રી જ્ઞાનવિમલજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| વંદના વંદના વંદના રે | શ્રી ન્યાયસાગરજી | ૨ |
| ધરમ પરમ અરનાથનો | શ્રી આનંદઘનજી | ૩ |
| અરજિન ભવ-જલનો તારૂ | શ્રી યશોવિજયજી | ૪ |
| અરજિન ! દરિશન દીજિયેંજી | શ્રી યશોવિજયજી | ૫ |
| અરજિન ગજપુર વર | શ્રી યશોવિજયજી | ૫ |
| શ્રી અરજિન શું પ્રીતડી રે | શ્રી ભાણવિજયજી | ૬ |
| અરજ સુણો અરનાથજીરે લાલ | શ્રી આણંદવર્ધનજી | ૭ |
| શ્રી અરનાથ નિરાગી નિકામી | શ્રી લક્ષ્મીવિમલજી | ૭ |
| શ્રી અરનાથ ઉપાસના | શ્રી માનવિજયજી | ૮ |
| શ્રી અર-જિનવર દીન-દયાળ | શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી | ૯ |
| શ્રી અર-જિનવર જગદીસરું | શ્રી ભાવવિજયજી | ૧૦ |
| અર તણા ગુણ ઘણા | શ્રી વિનયવિજયજી | ૧૦ |
| શ્રી અરનાથ-જિણંદ | શ્રી હરખચંદજી | ૧૧ |
| પ્રણમો પ્રેમે પ્રહસમે | શ્રી નયવિજયજી | ૧૨ |
| સકલ શોભાધર સુંદર મંદિર | શ્રી ઋષભસાગરજી | ૧૩ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| અરનાથ ! તાહરી આંખડીયે, | શ્રી ઉદયરત્નજી | ૧૩ |
| મેં તો આણ વહેશ્યાંજી, મ્હારા રે, | શ્રી જિનવિજયજી | ૧૪ |
| અર-જિનવર નમીએ નિજઘર | શ્રી જિનવિજયજી | ૧૫ |
| અરજિનપતિકે આગલેજી, | શ્રી હંસરત્નજી | ૧૬ |
| અરનાથજી અ-વિનાશી હો | શ્રી મોહનવિજયજી | ૧૭ |
| ગાસ્યાંજી ગાસ્યાંજી અમે | શ્રી રામવિજયજી | ૧૯ |
| અનુપમ શ્રી અરનાથનોરે, | શ્રી રામવિજયજી | ૨૦ |
| ગાયજો રે ધરી ઉલ્લાસ | શ્રી રામવિજયજી | ૨૧ |
| કાગળ તુનેરે કીમ કરી | શ્રી કાંતિવિજયજી | ૨૨ |
| શ્રી અરજિનદેવ અઢારમા | શ્રી ન્યાયસાગરજી | ૨૩ |
| અરનાથ જિનેસર વંદો | શ્રી પદ્મવિજયજી | ૨૪ |
| શ્રીઅરનાથજી સાંભળો | શ્રી પદ્મવિજયજી | ૨૫ |
| અરજિન દર્શન નિજ દર્શન | શ્રી વિજયલક્ષ્મીસૂરિજી | ૨૬ |
| ગજપુર-નરેંદા રે, સેવે | શ્રી કીર્તિવિમલજી | ૨૭ |
| અરજ સુણો અરનાથજી, | શ્રી દાનવિમલજી | ૨૮ |
| સુણ મેરી બહિની ! એ જિન | શ્રી વિનીતવિજયજી | ૨૮ |
| મન જિનપદકજ લીનો | શ્રી અમૃતવિજયજી | ૨૯ |
| આશ પૂરો અરનાથજી | શ્રી પ્રમોદસાગરજી | ૩૦ |
| અર જિનવર અઢારમો રે, | શ્રી ભાણચંદ્રજી | ૩૧ |
| શ્રીઅરજિનની સેવા કરીએ, | શ્રી ખુશાલમુનિજી | ૩૨ |
| શ્રી અરજિનજી માહરેરે, | શ્રી ચતુરવિજયજી | ૩૨ |
| પ્રણમો શ્રી અરનાથ | શ્રી દેવચંદ્રજી | ૩૩ |

| સ્તવન | | ના નં. |
|---|---|---|
| રહો મન-મંદિર માહરે | | ૩૫ |
| અલવેસર અવધારિયેજી | | ૩૫ |
| શ્રી-અર-જિનવર વિના | | ૩૬ |
| કવિ-કુમુદ-વન-કૌમુદી | | ૩૭ |
| અર-જિન મુઝ મનમાં | | ૩૮ |
| સાહિબ અરજિન દેવ રે | | ૩૯ |
| અર-જિણંદ આરાહીઇ | | ૪૦ |
| અર-જિનવર દીયે દેશ | | ૪૧ |
| કિં સાહિબા ! ચિત્તમેં | | ૪૨ |
| શ્રી અરનાથ પ્રાણેશરુ | | ૪૩ |
| અરનાથ સુદંસણ પિઅ | | ૪૪ |
| અરનાથ અરજ અવધ | | ૪૬ |
| મારા સાહિબ ! શ્રીઅરનાથ | શ્રી જશવિજયજી | ૪૭ |
| શ્રી અરનાથ ! સ-નાથ | શ્રી જ્ઞાનવિમલસૂરીજી | ૪૮ |
| ભજ ભજ રે મન અર-ચરનં | શ્રી ગુણવિલાસજી | ૪૯ |
| સકલ પ્રાણી સુખ-કારણો હો | શ્રી જગજીવનજી | ૫૦ |
| અરજિન નાયક સ્વામી | શ્રી જિનહર્ષજી | ૫૧ |

| થોય | કર્તા | પાના નં. |
|---|---|---|
| અરવિભુ રવિ ભૂતલ ધોતક | શ્રી વીરવિજયજી | ૫૨ |
| અર જિનવર રાયા, જેહની | શ્રી પદ્મવિજયજી | ૫૨ |

## ચૈત્યવંદન વિધિ

(નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

### ● ઈચ્છામિ ખમાસમણ સૂત્ર ●

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

### ● ઈરિયાવહિયં સૂત્ર ●

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

### ● તસ્સ ઉત્તરી સૂત્ર ●

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)

**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં**
**કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈં જિણબિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણરાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈટ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જયાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિઠ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી અરનાથ ભગવાનના ચૈત્યવંદન

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્યવંદન

ઠાણ સર્વાર્થ થકી ચવ્યા, નાગપુરે અરનાથ;
રેવતી જન્મ મહોત્સવ, કરતા નિર્જરનાથ......૧

જયકર યોનિ ગજવરૂ, રાશિ મીન ગણદેવ;
ત્રાણ વર્ષમાં થિર થઈ, ટાળે મોહની ટેવ......૨

પામ્યા અંબતરૂ તલે એ, ક્ષાયિકભાવે નાણ;
સહસ મુનિવર સાથશું, **વીર** કહે નિર્વાણ......૩

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

નાગપુરે અર જિનવરૂ, સુદર્શન નૃપનંદ;
દેવી માતા જન્મીયો, ભવિજન સુખ કંદ...॥૧॥

લંછન નંદાવર્ત્તનું, કાયા ધનુષ ત્રીશ;
સહસ ચોરાશી વર્ષનું, આયુ જાસ જગીશ...॥૨॥

અરૂજ[૧] અજર[૨]અજ[૩] જિનવરૂ, પામ્યા ઉત્તમ ઠાણ;
તસપદ **પદ્મ** આલંબતાં, લહીએ પદ નિરવાણ...॥૩॥

---

૧. રોગ રહિત ૨. જરા રહિત ૩. જન્મ રહિત

## શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવંદન

સર્વાર્થથી આવીયા, ફાગણ વદિ બીજે;
માગશર શુદિ દશમે જન્મ્યા, અરદેવ નમીજે..।।૧।।
માગશર શુદિ એકાદશી, સંયમ આદરિયો;
કાર્તિક ઉજવલ બારશે, કેવલગુણ વરિયો..।।૨।।
શુદિ તેરશ માગશરતણીએ, શિવપદ લહે જિનનાથ;
સત્તમ ચક્રીને નમું, નય કહે જોડી હાથ..।।૩।।

# શ્રી અરનાથ ભગવાનના સ્તવન

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

વંદના વંદના વંદના રે, અરનાથકો સદા મેરી વંદના
વંદના તે પાપ નિકંદના રે, મેરે નાથકો સદા મેરી વંદના
જગ ઉપકારી ધન જ્યોં વરસે, વાણી શીતલ ચંદના રે.અર.૧
રૂપે રંભા રાણી શ્રી દેવી, ભૂપ સુદર્શન નંદના રે.અર.૨
ભાવ ભગતિ શું અહનિશ સેવે, દુરિત હરે ભવ કંદના રે.અર.૩
છ ખંડ સાધી ભીતિ દ્વિધા કીધી, દુર્જન શત્રુ નિકંદના રે.અર.૪
ન્યાયસાગર પ્રભુ સેવા મેવા, માગે પરમાનંદના રે.અર.૫

## કર્તા : શ્રી આનંદઘનજી મ.

(રાગ પરજ તથા મારૂ—રૂષભનો વંશ રયણાયરૂ—એ દેશી)

ધરમ પરમ અરનાથનો, કિમ જાણું ભગવંત રે ! ।
સ્વ[૧]-પર-સમય સમજાવીયેં, મહિમાવંત મહંત રે-ધરમ૦ ॥૧॥
શુદ્ધાતમ[૨] અનુભવ સદા, સ્વ-સમય એહ વિલાસ રે ।
પર[૩] પડિછાંયડી જિહાં પડે, તે પર-સમય નિવાસ રે-ધરમ૦ ॥૨॥
તારા-નક્ષત્ર ગ્રહ ચંદની, જ્યોતિ દિનેશ[૪] મઝાર રે ।
દર્શન-જ્ઞાન-ચરણથકી, શક્તિ નિજાતમ ધાર રે-ધરમ૦ ॥૩॥
ભારી-પીળો-ચીકણો, કનક અનેક-તરંગ રે ।
પર્યાયદષ્ટિ ન દીજીયે, એક જ કનક અ-ભંગ રે-ધરમ૦ ॥૪॥
દર્શન-જ્ઞાન-ચરણથકી, અ-લખ સ્વરૂપ અનેક રે ।
નિર્વિકલ્પ-રસ પીજીયે, શુદ્ધ નિરંજન એક રે-ધરમ૦ ॥૫॥
પરમારથ[૫] પંથ જે કહે, તે રંજે એક[૬] તંતરે ।
વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે-ધરમ૦ ॥૬॥
વ્યવહારે[૭] લખવો દોહિલો, કાંઈ ન આવે હાથ રે ।
શુદ્ધ-નય-થાપના સેવતાં, નવિ રહેં દુવિધા[૮] સાથ રે-ધરમ૦ ॥૭॥
એકપખી[૯] લખ પ્રીતની, તુમ સાથે જગનાથ રે ।
કૃપા કરીનેં રાખજ્યો, ચરણ-તલે ગ્રહી હાથ રે-ધરમ૦ ॥૮॥
ચક્રી ધરમતી-રથતણો, તીરથ-ફળ તતસાર રે ।
તીરથ સેવે તે લહેં, **આનંદઘન** નિરધાર રે-ધરમ૦ ॥૯॥

૧. સ્વ અને પર સિદ્ધાંતો ૨. શુદ્ધાત્માનો અનુભવ તે સ્વ સમય ૩. આત્મભિન્ન દ્રવ્ય=પરનો પડછાયો તે પર સમય ૪.સૂર્ય ૫. નિશ્ચય દષ્ટિનો ૬. એક=શુદ્ધ આત્મલક્ષી ૭. વ્યવહારથી આત્મા લખવો=ઓળખવો મુશ્કેલ છે ૮. ભેદભાવ ૯. હે જગત્-નાથ ! તમારી સાથે મારી પ્રીતિ એકપખી છે, પણ હાથ પકડી મને ચરણોમાં રાખજો

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (આસણરાયોગી-એ દેશી)

અરજિન [1]ભવ-જલનો તારૂ, [2]મુજ મન લાગે વારુરે[3]
બાંહે ગ્રહી એ ભવિજન તારે
આણે શિવપુર આરે[4] રે -મન-મોહન સ્વામી૦...(૧)
તપ-જપ મોહ-મહા-તોફાને, નાવ ન ચાલે માને રે-મન
પણ નવી ભય મુજ હાથો હાથે, તારે તે છે સાથે રે-મન૦...(૨)
ભગતને સ્વર્ગ, સ્વર્ગથી અધિકું જ્ઞાનીને ફળ દેઈ રે-મન૦
કાયા-કષ્ટ વિના ફળ લહીએ, મનમાં ધ્યાન જ ધરીયેં રે-મન૦....(૩)
જે[5]ઉપાય-બહુ-વિધની રચના, યોગ[6]-માયા તે જાણો રે-મન૦
શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય ધ્યાને, શિવ દે પ્રભુ સ-પરાણો રે-મન૦....(૪)
પ્રભુ પાય વલગ્યા તે રહ્યા તાજા, અલગા અંગ ન સાજા રે-મન૦
વાચક **જશ** કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે-મન૦....(૫)

૧. સંસાર સમુદ્રનો ૨. તારનાર ૩.સુંદર ૪. કિનારે ૫. ઘણા પ્રકારના મોક્ષના ઉપાયોની ગોઠવણી ૬. યોગની માયા=ગોઠવણી ૭. કુશળતા સાથે=હોંશિયાર

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (પ્રથમ ગોવાળની - ઢાલ)

અરજિન ! દરિશન દીજિયેંજી, ભવિક-કમલ-વન-સૂર,[1]
મન તરસે[2] મળવા ઘણુંજી, તુમે તો જઈ રહ્યા દૂર-
સોભાગી ! તુમ શ્યું મુજ મન નેહ
તુમશ્યું મુજ મન નેહલોજી, જિમ બપઈયાં[3] મેહ- સોભાગી૦(૧)
આવાગમન[4] પથિક-તણુંજી[5], નહિં શિવ-નગર નિવેશ[6],
કાગળ કુણ હાથે લિખૂંજી ? કોણ કહે સંદેશ ? સોભાગી૦(૨)
જો સેવક સંભારસ્યોજી, અંતરયામીરે આપ
જશ કહે તો મુજ મનતણોજી, ટળશે સઘળો સંતાપ- સોભાગી૦(૩)

---

૧. ભવ્ય રૂપ કમલ અને વનને સૂર્ય સખા ૨. તલસે છે-ઝંખે છે ૩. ચાતક ૪. અવર-જવર
૫. મુસાફરોની ૬. ગામ

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (સમરયા રે સાદદિઈ રે દેવ-એ દેશી)

અરજિન ગજપુર[1] વર શણગાર, તાત સુદર્શન દેવી
મલ્હાર[2]-સાહિબ સેવિયેં, મેરો મનકો પ્યારો સેવિયેં
ત્રીશ ધનુષ પ્રભુ ઉંચી કાય, વર્ષ સહસ ચોરાશી આય[3], -સાહિબ૦(૧)
નંદાવર્ત્ત વિરાજે અંક, ટાળે પ્રભુ ભવ-ભવના આતંક[4]-સા૦
એક સહસશ્યું સંયમ લીધ, કનક વરણ તનુ જગત પ્રસિદ્ધ, -સાહિબ૦(૨)
સમેતશિખર ગિરિ સ[5]-બળ-ઉછાહ[6], સિદ્ધિ-વધૂનો કરે રે વિવાહ-સા૦

પ્રભુના મુનિ પચાસ હજાર, સાઠ સહસ સાધ્વી, પરિવાર-સાહિબ૦(૩)
યક્ષ ઇંદ્ર પ્રભુ સેવાકાર, ધારિણી શાસનની કરે સાર-સા૦
રવિ ઉગે[૭] નાસે જિમ ચોર, તિમ પ્રભુના ધ્યાને કર્મ કઠોર -સાહિબ૦(૪)
તું સુરતરૂ ચિંતામણિ સાર ! તું પ્રભુ ! ભગતિ[૮] મુગતિ દાતાર,-સા૦
બુધ **જશવિજય** કરે અરદાસ, દીઠેં પરમાનંદ-વિલાસ, સાહિબ૦(૫)

૧. હસ્તિનાપુર ૨. પુત્ર ૩. આયુ ૪.રોગ ૫. ઘણા ૬. ઉત્સાહથી ૭. ઉગ્યાથી ૮. ભક્તિથી

## કર્તા : શ્રી ભાણવિજયજી મ.

### (માના દરજણની-એ દેશી)

શ્રી અરજિન શું પ્રીતડી રે, મેં કીધી એકતાર;
પ્રીત કરે કપટે રમે, તેમાં સ્વાદ નહિ લગાર રે -તુમ શું નેહલો રે૦ (૧)
દિન-દિન વધતી, નેહવૃત્તિ[૧] એ તે હરે[૨] દારિદ્ર;
શોભા લહે અતિ ઘણી, ભય પામે તેહથી[૩] ક્ષુદ્ર રે -તુમ શું૦ (૨)
ઉત્તમ-જનશું પ્રીતડી રે, વાંછિતદાયક હોય;
ઈમ જાણી તુમશું પ્રભુ, મેં પ્રીત કરી છે જોય રે -તુમ શું૦ (૩)
હવે સેવક જાણી આપણો રે, થાઓ તમે સુપ્રસન્ન;
હું પણ જાણું તો ખરી, મેં પ્રીત કરી તે ધન્નરે, -તુમ શું૦ (૪)
મહેર ધરી મુજ ઉપરેરે, દરિસણ ધો એક વાર;
જિમ પ્રેમવિબુધના **ભાણ**ની, થાયે ઇચ્છા પૂરણ નિરધાર-તુમ શું૦ (૫)

૧. અને ૨. તે=વધતી સ્નેહવૃત્તિ ૩. તુચ્છ

## કર્તા : શ્રી આણંદવર્ધનજી મ.

### (દેશી-અલબેલાની)

અરજ સુણો અરનાથજીરે લાલ, દેવી-નંદન દેવ; જાઉં વારીરે
ચાહ[1] ધરી ચિત્તમેં ખરી રે[2] લાલ, સેવ કરૂં નિતમેવ-જાઉં૰...(૧)
મોટે[3]-પ્રભુકી ચાકરી રે લાલ, મોટે અવસર કાજ-જાઉં૰
માંગત બાલક બાઉરો[4] રે લાલ, દીજે અવિચલે, રાજ-જાઉં૰...(૨)
લાગત કોમલ મીઠરો[5] રે લાલ, કાચે[6] વચન અમોલ;-જાઉં૰
માતા તન-મન ઉલ્લસે રે લાલ, સુનિ બાલકકે બોલ-જાઉં૰...(૩)
મહેર[7] કરો મનમેં ધરીરે લાલ, રાખો મોહિ હજૂર[8]-જાઉં૰
**આણંદ**કે પ્રભુ માનીયે રે લાલ, આતમરામ સ-નૂર-જાઉં૰...(૪)

---

૧. લાગણી ૨. સાચી ૩. મોટા પ્રભુની સેવા મોટા અવસર-પ્રસંગ માટે નિવડે છે ૪. ગાંડો-ઘેલો ૫. મધુર ૬. કાચી બુદ્ધિ=બાળકતા ૭. દયા ૮. સેવામાં

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલજી મ.

### (કરી શૃંગાર વંદ્રાવન માલિ, રાધા રમવા ચાલી રે માહરી સખી રે સહેલી-એ દેશી)

શ્રી અરનાથ નિરાગી નિકામી, નિસનેહી શિવગામી રે; સ્વામી સ્વારથકારી[1],
રોષે કરીને નવી રીસાઈ, તું નિ-સનેહી ગુણ ગાઈ રે-સ્વામી૰ (૧)
બંધ-ઉદિત[2] તીર્થ-નામ ભોગવતો, આતમ-રસ જોડવતો રે, સ્વામી૰
નિઃકર્મા થાવાને કાજે, બેસી સમોસરણે ગાજે રે-સ્વામી૰ (૨)

તો હું શું કરી તુજ રીઝવું ?, એક ઉપાય ચિત્ત લાવું રે-સ્વામી૦
ધ્યાન તમારૂં નિત્યે ધરશું, અમે પણ સ્વારથ[3] કરશું રે-સ્વામી૦ (૩)

યાવત[4] સ્વારથ[5] પૂરો પાવું, તાવત[6] તુજને ધ્યાઉં રે-સ્વામી૦
[7]ભૂપ સરખી પ્રજા જાણો, લોકવાત મન આણો રે-સ્વામી૦ (૪)

ન્યાય-મારગમાં શ્રી અરરાજે, નિરૂપાધિક ગુણ છાજે રે-સ્વામી૦
**કીર્ત્તિવિમલ** પ્રભુ સેવા પામી, લહો **લચ્છી**-શિવકામી રે-સ્વામી૦ (૫)

---

૧. સ્વ=પોતાનો-આત્માનો અર્થ=કલ્યાણને કરનાર ૨. બાંધેલું જે ઉદયમાં આવેલ ૩. આત્મકલ્યાણ
૪. જયાં સુધી ૫. આત્મમુક્તિ ૬. ત્યાં સુધી ૭. 'यथा राजा तथा प्रजा' નું ગુજરાતી છે.

## કર્તા : ઉપા. શ્રી માનવિજયજી મ.

### (ઓધવ ! માધવને કહેજો એ-દેશી)

શ્રી અરનાથ ઉપાસના, શુભ વાસના મૂળ
હરિ-હર દેવ આસાસના[1], કુણ આવે શૂળ-શ્રી૦(૧)

દાસના ચિત્તની કુ-વાસના, ઉદવાસના[2] કીધ
દેવાભાસની ભાસના, વિસારી દીધ-શ્રી૦(૨)

વળી મિથ્યા-વાસનતણા, વાસનારા જેહ
તે કુગુરૂની સાસના[3], હઈયે ન ધરેહ-શ્રી૦(૩)

સંસારિક આશંસના, તુજશું ન કરાય
ચિંતામણી દેણહારને, કિમ કાચ મંગાય ? શ્રી૦(૪)

તિમ કલ્પિત[૪] ગચ્છવાસના, વાસના[૫] પ્રતિબંધ
**માન** કહે એક જિનતણો, સાચો પ્રતિબંધ-શ્રી૦(૫)

૧. આશંસા ૨. દૂર થઈ ગઈ ૩. ઝંખના ૪. ગચ્છનું એકાંગી મમત્ત્વ ૫. મોહના સંસ્કારોનો પ્રતિબંધ

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

### (કિસકે ચેલે કિસકે પૂત-એ દેશી)

શ્રી અર-જિનવર દીન-દયાળ, સેવા જેહની છે સુર-સાળ[૧]-સાહિબ સેવિયે૦
દુસમ[૨]-સમય મહા[૩]-વિષ-ઝાળ, તેહમાં સેવકને સંભાળ-સાહિબ૦ (૧)
મેરૂથકી મરૂભૂમિ સુહાય, જિહાં પ્રગટી સુરતરૂવર[૪] છાંય-સાહિબ૦
જિહાં તુમ શાસનની પરતીત, તેહ જ જાણો સમકિત-રીત-સાહિબ૦ (૨)
અગ્નિ થકો જિમ અગરનો[૫] ગંધ; પ્રગટે દહદિશિ પરિમલ[૬]-બંધ-સાહિબ૦
કષપાષાણે[૭] કનક[૮]-સભાવ; પરખીજે પરીક્ષકને ભાવ-સાહિબ૦ (૩)
તિમ કલિયુગ છે ગુણને હેત; જો તુજ શાસન શુદ્ધ-સંકેત-સાહિબ૦
જિમ નિશિ દીપક જલધિમાં દ્વીપ; જિમ મરૂમાં રેવાજલ[૯]-નીપ-સાહિબ૦ (૪)
તિમ કળિમાં તુમ પદ-કજ સેવ; દુર્લભ પામી પુણ્યે હેવ-સાહિબ૦
**જ્ઞાનવિમલ** તેજે કરી જોય; ગંજી[૧૦] ન શકે દુર્જન કોય-સાહિબ૦ (૫)

૧. અત્યંત સુંદર ૨. પાંચમો આરો ૩. ભયંકર ઝેરની જાળ જેવો ૪. કલ્પવૃક્ષની શ્રેષ્ઠ ૫. ગુરુ-ધૂપનો ૬. સુગંધની ઘટા ૭. કસોટીના પત્થરે ૮. સોનાની પરીક્ષા ૯. નર્મદાજળનો બેટ ૧૦. પરાભવ ન કરી શકે.

## કર્તા : પૂ. શ્રી ભાવવિજયજી મ.

(રાગ કાફી-પ્રભુ નેકનજર કરી જોઈએ-એ દેશી)

શ્રી અર-જિનવર જગદીસરું, પ્રભુ કોપ-દાવાનળ મેહ રે
નંદાવર્ત્ત સુલંછન શોભિત, ગુણ-મણિમંડિત દેહ રે-શ્રી૦(૧)
રાય સુદર્શનકુંવરૂ, મુજ દરિસણ ઘો ગુણવંત રે
દેવીનંદન રૂપ નિહાળી, દેવી[1] પણ મોહંત રે-શ્રી૦(૨)
રિષભવંશ-મલયાચળે, પ્રભુ ચંદનવૃક્ષ-સમાન રે
કમલ[2]-ગર્ભ-પરિ ગોરસ-ગૌરવ, ત્રીસ ધનુષ તનુ માન રે-શ્રી૦(૩)
દાખે[3] દેવ અઢારમો, શીલાંગ સહસ્ર અઢાર રે
વરસ સહસ ચઉરાશી જીવિત, હત્થિણાઉર-અવતાર રે-શ્રી૦(૪)
સુર જખિંદો ધારિણી, દેવી સેવે જસ પાય રે
ભાવ કહે તે જિનવર નામે, મંગલમાલી થાય રે-શ્રી૦(૫)

---

૧. અપ્સરાઓ પણ ૨. કમળના મધ્યભાગની જેમ ગો=શરીરની રસ=કાંતિ-છાયાની, ગૌરવ-શ્રેષ્ઠતા (ત્રીજી ગાથાના ત્રીજા પદનો અર્થ) ૩. જણાવે

## કર્તા : પૂ. શ્રી વિનયવિજયજી મ.

(ભાવના માલતી ચુસીએ-એ દેશી)

અર તણા ગુણ ઘણા, સમરતાં, નર હુયેં નિરમલ ગાત રે
દિનકર[1]-કિરણના સંગથી, જિમ હુયે વિમલ પ્રભાત રે-અર૦(૧)

કરમનું પંજરૂ[2] જાજરૂ[3], જિમ કર્યું તે જગનાથ રે
તિમ અમ ભવ-બંધ છેદવા, કાં ન વાહો[4] પ્રભુ ! હાથ રે-અર૦ (૨)
પ્રભુ નિવારો અમ આપદા[5], જિમ નિવાર્યા ધન[6]-ઘાતી રે
જિમ તુમે કેવલ પામીયું, તે અમને કહો ભાતિ[7] રે-અર૦ (૩)
કર્મના કાઠીયા અમ નડે, તેહને સ્વામી ! તું વાર રે
કામિની[8]-નદિએ નર રોલવે,[9] તેહથી નાથ ! અમ્હ તાર રે-અર૦ (૪)
**કીર્તિવિજય** ઉવજ્ઝાયનો, વિનવે શીશ એક બોલ રે
દેવી રાણી તણા પુત્ર તું, બાર શિવ-પુરતણું ખોલ રે-અર૦ (૫)

૧.સૂર્ય ૨. પાંજરૂ ૩. જર્જરિત=જૂનું ૪. પકડો ! ૫. આપત્તિ ૬. ગાઢઘાતી કર્મો ૭. રીતિ ૮. સ્ત્રી રૂપ નદીમાં ૯.ખૂંચાઈ ગયા=તણાઈ ગયા

## કર્તા : શ્રી હરખચંદજી મ.

### (રાગ-યમન)

શ્રી અરનાથ-જિણંદ, રહત મન મેરે-શ્રી અર૦
ગજપુર નગર સુદર્શન નૃપસુત, શ્રીદેવીજીકો નંદ-રહત૦...(૧)
સહસ ચૌરાશી વરસ આયુથિતિ, તીસ ધનુષ તનુ દીપતદિનંદ,[1]
લંછન નંદાવર્ત સુશોભિત, કુલ ઈખ્ખાગ નરિંદ-રહત૦...(૨)
કંચન બરન સુકોમલ કાયા, મુખદ્યુતિ[2] દીપત રાકાચંદ[3],
જગતજંતુ પ્રતિપાલક પ્રભુજી, સેવત ચોસઠ ઇંદ-રહત૦...(૩)
તુમ તો સાહિબ શિવસુખદાયક, હું સેવક મતિમંદ[4],
**હરખચંદ**કી રાખો લજયા, દૂર હરો દુઃખદંદ-રહત૦...(૪)

૧. સૂર્ય ૨. કાંતિ ૩. પૂનમનો ચંદ્ર ૪. અજ્ઞાન

## કર્તા : શ્રી નયવિજયજી મ.

### (ઢાળ-દેસી નણદલની)

પ્રણમો પ્રેમે પ્રહસમે[1], જિનવર શ્રી અરનાથ-ભવિયણ
એ જગમાંહિ જોયતાં, સાચો શિવપુર સાથ-ભવિ૦ પ્રણમો૦
સુખદાયક સાહિબ મિળ્યો, તો ફળ્યો સુરતરૂ બાર[2]-ભવિ૦
દેખી પ્રભુ દેદારને, પામી જે ભવપાર-ભવિ૦ પ્રણમો૦
નામથી નવનિધિ પામીયે, દરિશણ દુરિત[3]પલાય-ભવિ૦
પ્રહસમે પ્રેમે પ્રણમતાં, ભવભવ પતિક જાય-ભવિ૦
સુરતિ એ જિનવરતણી, સાચી સુરતરૂવેલ-ભવિ૦
નિરખંતાં નિતુ નયણશું, ઉગમે આનંદ[4]રેલ-ભવિ૦
શાંતસુધારસશું ભરી, એ મૂરતિ મનોહાર-ભવિ૦
પ્રણમે જે નિતુ પ્રેમશું, ધન ધન તસ અવતાર-ભવિ૦
પુણ્ય હશે તે પામશે, એ જિનની નિતુ સેવ-ભવિ૦
સકળ ગુણે કરી શોભતો, અવર ન એહવો દેવ-ભવિ૦
ચરણ-કમળ એ પ્રભુતણા, સેવંતાં નિશદીસ-ભવિ૦
**નયવિજય** કહે સંપદા, પામીયે વિસવાવિશ-ભવિ-પ્રણમો૦

---

૧. સવારના સમયે ૨. બારણામાં ૩. પાપ દૂર જાય ૪. આનંદની ભરતી

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

સકલ શોભાધર સુંદર મંદિર, ત્રિભુવન મહિમા ઘનીજો[1]
મૈં બલિહારી દરસન દીજયો
સાનિધ[2]દાતા સેવક સાંઈ, અતીસઈ[3]દીસૈ અતીજો[4] -મૈં બલિ૦(૧)
તુઝ બાજુ વિના નાં સરઈ સુરિજન, મહર કરી મુજ દીજયો-મૈં૦
તુઝ દીઠાંથી દોલતિ હોઈ, દુઃખકી રાસિ દહીજયો મૈં બલિ૦(૨)
તુઝ મન ભરમ ભમૈ ભર[5]નેહૈ, તૌ કાય કમલ કુસમીજયો મૈં૦
મહેર[6] નજરિ જો છૈ મુઝ ઉપરિ, ઓડિ[7]લગૈં નિરવહજયો-મૈં બલિ૦(૩)
આડી આવૈ લાજ ઘણેરી, કહિ ન શકું કછુ હી જયો-મૈં૦
અરિહંત ! આપ વિચારી અવસર, તારો બાંહ ગહીજયો-મૈં બલિ૦(૪)
સંત સનેહી સાચો રાચ્યો, એક તુંહી ચિત હી જયો-મૈં૦
ન મિટઈ નામ તુઝ જીહા સેતી, પ્યારા છો પ્રાણથી જયો-મૈં બલિ૦(૫)
અંતરંગ બાત કહી અરનાથજી, પૂરોહી જસ લીજયો-મૈં૦
**ઋષભસાગર** તુંહી કીયો, ત્રિકરણ કરિકંઈ સહીજો—મૈં બલિ૦(૬)

૧.ઘણી=વધારે, ૨. સહાયકારી ૩.અતિશય ૪.ઘણા ૫.સ્નેહભરપૂર ૬.કરુણાદષ્ટિ ૭.ઠેઠ સુધી

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

અરનાથ ! તાહરી આંખડીયે, મુજ કામણ કીધું રે
એક લ્હેજામાં મનડું માહરૂં, હરી લીધું રે-અર૦(૧)
તુજ નયણે વયણે માહરે, અમૃત પીધું રે
જન્મ-જરાનું જોર ભાગ્યું, કાજ સીધું રે રે-અર૦(૨)

દુર્ગતિનાં સર્વે દુઃખનું હવે, દ્વાર દીધું રે
ઉદયરત્ન-પ્રભુ ! શિવપંથનું મેં, સબળ લીધું રે-અર૦(૩)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

### (મેં તો ન્યારા રહિશ્યાંજી-એ દેશી)

મેં તો આણ વહેશ્યાંજી[1], મ્હારા રે, સાહિબરી મેં તો આણ વહેશ્યાંજી
આણ વહેશ્યાં ભક્તિ કરેશ્યાં, રહશ્યાં નયણ[2]-હજુર
અરજિન આગળ અરજ કરંતાં, લહશ્યાં સુખ મહમૂર[3]-મ્હેં૦(૧)
એકને[4] છંડી બેને[5] ખંડી, તીનશ્યું[6] તોડી નેહ
ચ્યાર[7] જણા શિર ચોટ[8] કરેશ્યું, પણનો[9] આણી છેહ[10]-મ્હેં૦(૨)
છ[11] સત્ત[12] અડ[13] નવ[14] દશને[15] ટાળી, અજીઆળી અગીયાર[16]
બાર[17] જણાને આદર કરિશ્યું, તેરનો[18] કરી પરિહાર-મ્હેં૦(૩)
પણ[19] અડ[20] નવ[21] દશ[22] સત્તર[23] પાળી, સત્તાવિશ[24] ધરી સાથ
પચ[25]વીશ જણશ્યું પ્રીતિ કરશ્યું, ચ્યાર[26] ચતુર કરી હાથ-મ્હેં૦(૪)
બત્રીશ[27]તેત્રીશ[28]ને ચોરાશી[29], ઓગણીસ[30] દૂર નિવારી
અડતાલીશનો[31] સંગ તજશ્યું, એકાવન[32] દિલ ધારી મ્હેં૦(૫)
વીસ[33] આરાધી બાવીશ[34] બાંધી, ત્રેવિશનો [35] કરી ત્યાગ
ચોવિશ-જિનના ચરણ નમીને, પામશ્યું ભવ-જલ તાગ[36]મ્હેં૦(૬)
ધ્યાતા ધ્યેયનેં ધ્યાન-સરૂપે, તન મન તાન લગાય;
**ક્ષમાવિજય** કવિ પદકજ-મધુકર, સેવક **જિન** ગુણ ગાય-મ્હેં૦(૭)

૧. ધારશું ૨. આંખોની સામે=સેવામાં ૩. અત્યંત ઘણું ૪. અવિરતિને ૫. રાગ-દ્વેષને ૬. ત્રણદંડ ૭. ચાર કષાય ૮. પ્રહાર ૯. પાંચ ક્રિયાનો ૧૦. અંત ૧૧. છ કાયની હિંસા ૧૨. સાત ભય ૧૩. આઠ મદ ૧૪. નવ પ્રકારનું અબ્રહ્મ ૧૫. દશપ્રકારનો અસંયમ ૧૬. અગ્યાર પ્રતિમા (શ્રાવકની) ૧૭. બાર પ્રતિમા (સાધુની) ૧૮. તેર ક્રિયા સ્થાનો ૧૯. પાંચ મહાવ્રત ૨૦. આઠ પ્રવચન માતા ૨૧. નવ બ્રહ્મચર્ય ગુપ્તિ ૨૨. દશ પ્રકારે શ્રમણ ધર્મ ૨૩. સત્તર પ્રકારે સંયમ ૨૪. સાધુના સત્તાવીશ ગુણો ૨૫. પાંચ મહાવ્રતની પચ્ચીશ ભાવનાઓ ૨૬. ચાર ભાવશય્યા ૨૭. સૂત્રોચ્ચારના બત્રીશ દોષ ૨૮. ગુરુની તેત્રીશ આશાતના ૨૯. જિનાલયની ચોરાશી આશાતના ૩૦. કાઉસ્સગ્ગના ઓગણીશ દોષ ૩૧. તિર્યંચના ભેદ અડતાલીસ ૩૨. જ્ઞાનના એકાવન ભેદ ૩૩. વીસ સ્થાનક ૩૪. બાવીશ પરિષહો ૩૫. પાંચ ઇન્દ્રિયના ત્રેવીશ વિષયો

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

### (થારે માથે પચરંગી પાઘ સોનારો છોગલો મારૂજી-એ દેશી)

અર-જિનવર નમીએ નિજ[1]ઘર રમીએ જીવના-સાહિબજી
પર[2]પરિણતિ દમીએં[3] નવી ભમીએ ભવગહનમાં[4] -સાહિબજી..(૧)
ગયો કાલ અનંતો પ્રભુ અણલહતો[5]નિંદમાં-સાહિબજી
મિથ્યામતિ નીડો[6]કીડો વિષયા[7]-લીંદમાં-સાહિબજી..(૨)
વર રમણી રૂપે લીનો દીનો મૈથુને-સાહિબજી
આશ્રવ ભર ભારી પાપ અંધારી પૈશુને-સાહિબજી..(૩)
થયો લાખ ચોરાશી યોનિ વાસી મોહ વસે-સાહિબજી
વર્યો તૃષ્ણા દાસી, પુદગલ આશી બહુ ધસે-સાહિબજી..(૪)
વૈશ્વાનર[8] રાતો માનેં માતો[9] કૂકરો[10]-સાહિબજી

માયા વિષવેલી કરતો કેલી વાનરો-સાહિબજી..(૫)
લોભાનલ દાધો ખાધો મમતા સાપિણી-સાહિબજી
ડાકિણી પરે અળગી ન રહે વળગી પાપિણી-સાહિબજી..(૬)
લોકોદર[૧૨]-દ્રંગે અરિયણ સંગે હેળવ્યો-સાહિબજી
ભવિતવ્યતા અમરી સમરી નરભવ મેળવ્યો-સાહિબજી..(૭)
નવિ કીજે ખામી અવસર પામી પુણ્યથી-સાહિબજી
જ્ઞાનાવરણાદિ કર્મ્મ મર્મ્મ થિતિનું નથી-સાહિબજી..(૮)
સમ્યકત્વ સુહાગણ ગુણગણ આગમ પામીને -સાહિબજી
કહે ચેતના નારી પ્યારી આતમરામને-સાહિબજી..(૯)
કિમ તજીએ ભજીએ **ક્ષમાવિજય-જિન** નામને સાહિબજી
જો વાંછો અનોપમ અક્ષય લીલા-ધામને-સાહિબજી(૧૦)

---

૧. પોતાના સ્વભાવરૂપ ઘરમાં, (આ પદનો સંબંધ ગાથાના છેડે રહેલ 'જીવ'ના સાથે છે.)
૨. પૌદ્ગલિક ભાવોની વિચારણા ૩. કાબૂમાં લઈએ ૪. સંસાર રૂપ જંગલમાં ૫. ન મેલવતો
૬. પાસે ૭. વિષયવાસના રૂપ લીંદ=ગોબરમાં ૮. ક્રોધ રૂપી અગ્નિ ૯. મદોન્મત્ત ૧૦. કૂકડો અગર કૂતરો

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

**(બાદલી બરણી રાજિ રંભા કરતી એક અચંભા-એ દેશી)**

અરજિનપતિકે આગલેજી, સરીખા સરખે સંગ
અલવેશું[૧] સુરાંગનાજી, નાચે નવ નવ રંગ કે-
કુંદન[૨] વરણી રાજિ[૩], રંભા, કરતી એક અચંભા૦(૧)

ને[4]ઉરને રણકે કરીજી, ઠમક ઠવંતી પાય
દેતી થિ નંગે ફુદડીજી, વિધવિધ ભાવ બણાય કે-કુંદન૦(૨)
માદલને[5] ધૌકારશુંજી, વારૂ વિણા નાદ,
ગુણ ગાયે ટોળે મળીજી, સુરવધુ ઝીણે સાદ કે-કુંદન૦(૩)
લલકે કટિલંકિ કરીજી, કનકલતાસી કાય.
બોધિ બીજ લેવા ભણીજી, નમતી અંગ નમાય કે-કુંદન૦(૪)
સુરપતિ સેવે જેહનેજી, શિવ[6]સુંદરી-ઉરહાર,
હંસરત્નનો સાહિબોજી, ત્રિભુવનનો આધાર કે-કુંદન૦(૫)

---

૧. ઉમંગ સાથે ૨. કંચન ૩. રાજે છે=શોભે છે ૪. ઝાંઝરના ૫. મોટું દેશી વાંજિત્ર

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

(ભટીઆણાની-દેશી)

અરનાથજી અ-વિનાશી હો, સુવિલાસી ખાસી[1] ચાકરી;
કાંઈ ચાહું અમે નિશદીશ
અંતરાયનં રાગે હો અણુરાગેં કીણ પરે કીજીયેં;
કાંઈ શુભભાવે સુજગીશ-અર૦(૧)
સિદ્ધસ્વરૂપી સ્વામી હો ગુણધામી અલખ[2] અગોચરૂ[3];
કાંઈ દીઠા વિણ દેદાર[4]
કેમ પતીજે કીજે હો કેમ લીજે ફળ સેવા તણું,
કાંઈ દીસે ન પ્રાણઆધાર-અર૦(૨)

જ્ઞાન વિના કુણ પેખે હો સંખેપે સૂત્રે સાંભળ્યો,
કાંઈ અથવા પ્રતિમા રૂપ
સાગે[5] જો સંપેખું હો પ્રભુ દેખું દિલભર લોયણે;
કાંઈ તો મનપહુંચે[6] ચૂપ અર૦(૩)
જગનાયક જિનરાયા હો મન ભાયા મુજ આવી મળ્યા;
કાંઈ મહિર કરી મહારાજ
સેવક તો સસનેહી હો નિસનેહી પ્રભુ કિમ કીજીયે ?
કાંઈ ઇસડીઇ[7] વહીયે રે લાજ-અર૦(૪)
ભક્તિ-ગુણે ભરમાવી હો સમજાવી પ્રભુજીને ભોળવી;
કાંઈ રાખું હૃદય મઝાર
તો કહેજો શ્યાબાશી હો પ્રભુ ! ભાસી જાણી સેવના,
કાંઈ એ અમચો[8] એક તાર-અર૦(૫)
પાણીનીરને મેલે હો કિણ ખેલે એકંત હોયે રહું;
કાંઇ નહિ રે મિલણનો જોગ
જો પ્રભુ દેખું નયણે હો કહી વયણાં સમજાવું સહી;
કાંઈ તે ન મિલે સંજોગ-અર૦(૬)
મનેમેળુ કિમ રીઝે હો શ્યું કીજે અંતરાય એવડો,
કાંઈ નિપટ[9] નહેજી[10] નાથ
સાતરાજને અંતે હો કિણ પાખે તે આવીને મિલું ?
કાંઈ વિકટ[11] તુમારોજી સાથ-અર૦(૭)
ઓળગ[12] એ અનુભવની હો મુજ મનની વાતો સાંભળી,

કાંઈ કીજે આજ નિવાજ
૩૫-વિબુધનો **મોહન** હો મનમોહન સાંભળી વિનતિ,
કાંઈ દીજે શીવપુર રાજ-અર૦(૮)

---

૧. યોગ્ય ૨. ન દેખાય તેવા ૩. મારી જ્ઞાનશક્તિના અવિષય ૪. ચહેરો ૫. સાક્ષાત્ ૬. મનની જેટલી પહોંચ છે તેમાં પણ ૭. આ રીતે ૮. અમારો ૯. સર્વથા ૧૦. હેજ=હેત વિનાના ૧૧. મુશ્કેલ ૧૨. સેવા

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (સરોવરીયે ઝીલણ જાસ્યાંજી -એ દેશી)

ગાસ્યાંજી ગાસ્યાંજી અમે ગાસ્યાંજી, મનરંગે જિનગુણ ગા૦
અરનાથતણા ગુણ ગાસ્યાંજી, દિલરંગે[૧] જિનગુણ ગાસ્યાંજી
પ્રભુ મુખપૂરણચંદ[૨] સમોવડ[૩],નિરખી નિરમલ થાસ્યાંજી૦
જિનગુણ સમરણ પાન સોપારી, સમકિત સુખડી ખાસ્યાંજી મન૦....(૧)
સમતાસુંદરી સાથે[૪]સુરંગી ગોઠડી અજબ બનાસ્યાંજી-મન૦
જે ધૂતારી તૃષ્ણાનારી, તેહસ્યું દિલ ન મિલાસ્યાંજી-મન૦....(૨)
દૂતીકુમતિ જે માયા કેરી, તેહને તો સમઝાસ્યાંજી-મન૦
લોભઠગારાને[૫]દિલચોરી, વાતડીએ ભરમાસ્યાંજી-મન૦....(૩)
મોહ[૬]મહિપતિ જે મુજ વૈરી, તેહસ્યું જંગ જુડાસ્યાંજી-
જ્ઞાનસરીખા યોધ સખાઈ, કરીને દૂર કઢાસ્યાંજી-મન૦....(૪)
શિવરાણીને વરવા હેતે, જીત નિશાન બજાસ્યાંજી-મન૦
વિમલવિજય ઉવજ્ઝાય પસાએ, **રામ** કહે સુખ પાસ્યાંજી-મન૦....(૫)

૧. મનના ઉમંગથી ૨. પૂનમના ચંદ્ર ૩. સરખું ૪. પ્રેમવાળી ૫. લોભરૂપ ઠગારાને આકર્ષી વાતોથી ભરમાવી દઈશું (ત્રીજી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ) ૬. મોહરૂપ રાજા જે મારા વૈરી છે તેની સાથે યુદ્ધ જોડીશું જ્ઞાન જેવા લડવૈયાની ભાઈબંધી કરી મોહને દૂર કાઢશું (૪થી ગાથાનો અર્થ)

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (દેશી-ઝુંબખડાની)

અનુપમ શ્રી અરનાથનોરે, પાયો મેં દીદાર[૧] સાહિબ મનમાં વસ્યો,
ચંદ્ર જિસ્યો મુખ ઉજળો રે, ઉજળગુણ[૨] નહી પાર–સા૦(૧)

જગજનનાં દિલ રીઝવેરે, તારે આણી હેત–સા૦
કો કહશે વીતરાગને રે, રાગતણાં એ હેત–સા૦(૨)

તે તો તત્ત્વમતિ નહિ રે, ફોકટ પાયે ખેદ–સા૦
ગિરૂઆ સહેજે ગુણ કરે રે, તે નવિ જાણે ભેદ-સા૦(૩)

તાપહરે જિમ ચંદ્રમારે, શીત હરે જિમ સૂર[૩]–સા૦
ચિંતામણી દારિદ્ર હરે રે, આપે વાસ[૪] કપૂર–સા૦(૪)

તિમ પ્રભુનો ગુણ સહજનો રે, જાણે જે ગુણગેહ–સા૦
**વિમલવિજય** ઉવજ્ઝાયનોરે, **રામ** કહે ધરી નેહ–સા૦(૫)

૧. દર્શન ૨. નિર્મલ ૩. સૂર્ય ૪. સુગંધ

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (ગાયજો રે ગુણની રાસ-એ દેશી)

ગાયજો રે ધરી ઉલ્લાસ, અરજિનવર જગદીશરૂ રે
માનજો રે એહ મહંત[1], મહિયલમાંહિ વાલેસરૂ[2] રે...(૧)
ધાઈયો[3] રે દૃઢ કરી ચિત્ત, મનવંછિત ફળ પૂરશે રે
વારજો રે અવરની[4] સેવ, એહી જ સંકટ ચૂરશે રે...(૨)
સિંચજો રે સુમતિની વેલ, જિનગુણ ધ્યાનની રે
ઘણું સંપજે રે સમકિત ફૂલ, કેવળ ફળ રળિયામણું રે...(૩)
પુણ્યથી રે દેવી[5]-નંદ, નયણે નિરખો નેહથી રે
ઉપનો રે અતિ આણંદ, દુઃખ અલગા થયા જેહથી રે...(૪)
શોભતી રે ત્રીશ ધનુષની કાય, રાય સુદર્શન[6] વંશનો રે
આઉખું રે જિનજીનું સાર, સહસ ચોરાશી વરસનું રે...(૫)
જિનરાજને રે કરૂં પ્રણામ, કાજ સરે[7] સવિ આપણું રે
ભાવથી રે ભગતિ પ્રમાણ, દરિશણ ફળ પામે ઘણું રે...(૬)
સેવજો રે અર[8]-પદ-અરવિંદ, જો શિવસુખની કામના[9] રે
રાખજો રે પ્રભુ હૃદય મોઝાર, **રામ** વધે જગ નામના રે...(૭)

---

૧. મોટા ૨. અત્યંત પ્રેમાળ ૩. ધ્યાન કરજો ૪. બીજાની ૫. દેવી માતાના પુત્ર ૬. પ્રભુજીના પિતાજી ૭. સફળ થાય ૮. શ્રી અરનાથ પ્રભુના ચરણકમળ ૯. ઇચ્છા

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

(તટ જમુનાનો રે અતિ રળીઆમણો રે-એ દેશી)

કાગળ તુનેરે કીમ કરી મોકલું રે, લખતાં કિમહી ન આવે દાય
અગન-સુભાવે રે વરતે જોગને રે, ત્રણ ગુણ ગુહિર ન કળિયો જાય-કાગળ૦..(૧

ત્રિભુવન માંહેરે નહી કો ઉપમારે, જેહથી જોડું તુજ શોભાગ
તાગ[1] ન દીસેરે જહાં ખગમગ્ગનોરે[2], આગળ તિહાં કિમ લાગે લાગ-કાગળ૦..(૨

અંજન નાહીરે જેહના રૂપમાં રે, તે અંજમાં આવે કેમ
વ્યંજન તોહીરે વ્યંજન વર્ણમાં રે, ન ચઢે નિરવ્યંજન થઇ તેમ-કાગળ૦..(૩)

યુગતિ[3]ઉપાઈ રે શુદ્ધ સુભાવની રે, રીઝવશ્યું દૂરાંથી નાથ
જેહથી જમાવે રે તેહની સાધના રે, રૂડે તે વિધિ કરીયેં હાથ-કાગળ૦..(૪)

અરજિન જાણો રે પ્રેમ જો સાચીલો રે, તો મુજને મૂકો ન વિસાર
**કાંતિ** પનોતેરે સેવક સ્વામીનો, વારૂ જગ સાચો વ્યવહાર-કાગળ૦..(૫)

---

૧. છેડો ૨. આકાશમાર્ગનો ૩. યુક્તિ

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

(શીલસુરંગીરે મયણરેહા સતી-એ દેશી)

શ્રી અરજિનદેવ અઢારમા, વસિયા મુજ મનમાંહિજી
ખિણખિણ માંહે તે નિતુ સાંભરે, વીસારયા નવિ જાયજી-શ્રી૦(૧)

પાપસ્થાન અઢાર નિવારતા, ધારે બંભ અઢારજી
સાતમો ચક્રીરે ભાવચક્રે નહી, જસ નામે નિરધારજી-
આણે ભવજળ આરેજી શ્રી૦(૨)

લંછન નંદાવર્ત્ત તણું અછે, મંગળમાંહિ પ્રધાનજી,
ભૂપ સુદર્શન દેવી નંદનો, અતિશય ગુણ ઉદ્દામજી-શ્રી૦(૩)

તંતુપટે જિમ ઘૃત વસેં દૂધમાં, ગુણપર્યાય અભેદજી
તિણિપરે મુજ ચિત્તમાં આવી વસ્યો, એ વિનતિ ધ્રુવેદજી-શ્રી૦(૪)

જિમ નિરવહશ્યો તિમ તે વાધશ્યેં, સુગુણાં સાથે નેહજી
ન્યાયસાગર કહે ઉત્તમ આદરે, તે નાવે કબહી છેહજી-શ્રી૦(૫)

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(દેશી-બીંદલીની છે)

અરનાથ જિનેસર વંદો, ભવભવના પાપ નિકંદો હો, ભાવે ભવિ પૂજો
કોડિ સહસ વરસ ઉણ કીજે, પા પલ્યનું અંતર લીજે હો-ભાવે૦(૧)

ફાગુણ સુદિ ચ્યવન તે બીજે, સહુ જીવે સુખ લહીજે હો-ભાવે૦
માગશિર સુદિ દશમે જાયા, છપન્ન દિશકુમરી ગાયા હો-ભાવે૦(૨)

ત્રીશ ધનુષતણી જસ કાયા, છોડી મમતાને માયા હો-ભાવે૦
અગીયારસ માગશિર સુદિ લિયેં, દીક્ષા જે સ્વયંબુદ્ધ હો-ભાવે૦(૩)

કાતી સુદિ બારસે જ્ઞાન, પામ્યા પ્રભુ કંચનવાન હો-ભાવે૦
માગશિર સુદી દશમે જિણંદ, પામ્યા પરમાણંદ હો-ભાવે૦(૪)

વરસ ચોરાસી હજાર, ભોગવી આયુ શ્રીકાર હો-ભાવે૦
ઉત્તમ **પદ-પદ્મ**ની સેવા, કરવી અક્ષયપદ લેવા હો-ભાવે૦(૫)

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(ઘડીએક ઘોને રાણી સુંબરો-એ દેશી)

શ્રીઅરનાંથજી સાંભળો, સેવકની અરદાસ,
ભવ-અટવીમાંહિ હું ભમ્યો, બંધાણો મોહપાશ-શ્રી૦(૧)

મોહરાયના રાજ્યમાં, બહુલું કટક જણાય,
મિથ્યા-મહેતો તિહાં અછે, મંત્રી કુબુદ્ધિ કહાય-શ્રી૦(૨)

અભંગા[1] સિપાઈ અતિ ઘણા, કહેતાં નાવે પાર,
તોપણ અધિકારીતણા, નામ કહું નિરધાર-શ્રી૦(૩)

ક્રોધ માયા લોભ માન તે, મૂકે ન માહરો સંગ,
મુજ પણ તે છે વાલ્હા, નવિ મૂકું રંગ-શ્રી૦(૪)

રાગ-દ્વેષ દોય મલ્લ વળી, બાંધ્યા બાંહિ મરોડ,
હવે પ્રભુ તુમ આગળ રહી, વિનતિ કરૂં કરજોડ-શ્રી૦(૫)

બંધનમાંહિથી છોડવી, ઉતારો ભવપાર
હરિ-હર દેવ સેવ્યા ઘણા, નવિ પામ્યો હું સાર-શ્રી૦(૬)

સહસવદન[2] ન સ્તવી શકે, તુજ ગુણ અગમ અપાર
જિમ રયણાકાર રત્નનો, નવિ વિલસે પાર-શ્રી૦(૭)

અચરિજ પંડિત ઘણા, સત્યવિજય ગુરૂરાય
કપૂરવિજય તસ પાટવી, ભવિજનને સુખ થાય-શ્રી૦(૮)

ખિમાવિજય તસ પાટવી, જિનવિજય સુપસાય
પંડિત ઉત્તમવિજયનો **પદ્મવિજય** ગુણ ગાય-શ્રી૦(૯)

૧. બહાદુર ૨. શેષનાગ

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

**(પંથડો નિહાલું રે બીજા જિનતણોરે-એ દેશી)**

અરજિન દર્શન નિજ દર્શન તણુંરે, નિમિત્ત છે ગુણગેહ
જિમ દર્પણની નિર્મલતા વિષેરે, નિજ પ્રતિબિંબ નિરેહ,
દરિસણ કીજે રે અરજિનરાજનું રે (૧)

દર્શન દર્શન જગમાં સહુ વદેરે, દર્શન ભેદ ન લહંત
તર્કસિંધુ-કલ્લોલે ચપલતારે, ચિત્ત ચિંતન વરતંત-દરિ૦(૨)

સામાન્ય દર્શન તે ગુણ તાહરારે, તિમ ક્ષાયિક ગુણ દષ્ટ
સ્યાદ્વાદ દર્શન પ્રગટકારક ક્ષમીરે, ઈમગિર દર્શન પુષ્ટ-દરિ૦(૩)

તે માટે પ્રિય દર્શન નાથનું રે, નિરધારે રૂચિ શુદ્ધ
રયણત્રયી દીપક ભવી જીવનેરે, વિતિમિર કરણ અવિરૂદ્ધ-દરિ૦(૪)

દર્શનકારક પ્રતિ વાંછો નહિરે, પિણ પુણ્યશાલી જે દશ્ય
અવલંબનથી મિટાવે કુદષ્ટિનેરે, આતમ દર્શન હોય વશ્ય-દરિ૦(૫)

સહજ દર્શન તુજ અલખ અગોચરૂરે, મહાયોગીશ્વર ગમ્ય
તે પિણ જગબંધુથી નિપન્યોરે, જીમ સૂત્રધારથી શુભ શર્મ્ય-દરિ૦ (૬)

તુજ દર્શનથી જે સંતોષતારે, વિધિ[૧]હરિ[૨]હર[૩]થી તે નાહી
દેખી શશિકાંતિ હર્ષ ચકોરનેરે, તારક[૪]-ગણથી તે નાહી-દરિ૦ (૭)
દ્રવ્ય-ભાવ અવલોકન આદરેરે, દશ્ય-દર્શક મિટે ભેદ
**લક્ષ્મીસૂરિ** જિન દર્શન સુરતરૂરે, સફળે અનેક ઉમેદ-દરિ૦ (૮)

---

૧. બ્રહ્મા ૨. વિષ્ણુ ૩. મહાદેવ ૪. તારાઓનો સમૂહ

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

**(સુણી પશુયાં વાણી રે-એ દેશી)**

ગજપુર-નરેંદા રે, સેવે સવિ-ઇંદા રે
મુખ સોહે પુનમ ચંદા, ભવિ-મન મોહતો રે...(૧)

રાય સુદર્શન તાત રે, દેવી રાણી માત રે
તસ કુલે તે તાત, જયો તું દિનમણિ રે...(૨)

સુવર્ણ જિસી કાય રે, નહિ મમતા માય રે
તુમ્હ ગુણ સવિ ગાય, દેવી થોકે મળે રે...(૩)

હું તો પ્રભુ પાઉં રે, ગુણ તોરા ગાઉં રે
સુખ તો થાયે જો મુજ મન વસે રે...(૪)

અરનાથ જિણંદા રે, જયો સુરતરૂ કંદા રે
**ઋદ્ધિ-કીર્તિ** આપશે, સેવકને સહી રે...(૫)

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

અરજ સુણો અરનાથજી, હાથ ધર્યો મેં તારો રે
સાથ કર્યો શ્રીનાથનો, અર્થ સર્યો સહી મારો રે-અરજ૦(૧)

તું સાહેબ સ્વપ્નાંતરે, અલગો નહિ દિલમાંહી રે
દીલભરી દીલ હુવે સદા લોકરીતિ જ આંહી રે-અરજ૦(૨)

આપ રૂખે પાર પામતે, તો શું સાહિબ આડ રે
માંગ્યા ધૃતનું ચૂરમું, જમવાનાં શા લાડ રે-અરજ૦(૩)

આપે આપ વિચારતા, જે પોતામાં હોવે રે
ન ગણે રાજા ન રાંકને, લોક ન કોઈ વગોવે રે-અરજ૦(૪)

માંગુ સાહિબ ઉપરે, મીઠી વાતો દાખો રે
**દાનવિમલ** પદ યુગ તણી, સેવામાંહે રાખો રે-અરજ૦(૫)

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

**(સુણ બહિની પિઉડો પરદેશી-એ દેશી)**

સુણ મેરી બહિની ! એ જિન સાચો, રતન ચિંતામણિ જાચો રે
રાય-સુદર્શનને કુળ દીવો, દેવી-સુત ચિરંજીવો રે-સુણ૦(૧)

એ સાહિબ મોરા દિલમાં વસિઓ, જિમ કમળે ભમરો રસિઓ રે
એહજ સયણ સદા નિરવહીયે, જિમ કુસુમમાં પરિમળ વહિયે રે-સુણ૦(૨)

તાહરી સૂરતિકી બલિહારી, દેખતહી દિલ પ્યારી રે
મેં પાપ સંતાપ કેતાં અવગાહમાં, આજ સુધાકુંડમાં નાહયા રે-સુણ૦(૩)

નાથ મેરો અરનાથ સુહાવે, જસ સેવે સુર-નર-નાથો રે
દાન સંવત્સરી બહુ ધન દીધાં, સુરતરૂસમ વડહાથો રે-સુણ૦(૪)

ત્યાગી ભોગી નેં સોભાગી, જોગીસર વૈરાગી રે
**મેરૂવિજય** ગુરૂચરણ સેવા કર, **વિનીત** હે તુમ ગુણરાગી રે-સુણ૦(૫)

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

**(રાગ-કાફી)**

મન જિનપદકજ લીનો ભૃંગ,-મન૦
લીનો ભયો જ્યૌં શંકરશિરપર, પાવનકારી ગંગ-મન૦ (૧)
જ્યૌં ચપલા[1] રહી ધારાધરમેં[2], સીતા રઘુવર સંગ-મન૦ (૨)
અટક રહ્યો ચિત જોગીસરકો, જ્યૌં મહામંત્ર સુચંગ-મન૦ (૩)
જ્યૌં લય પાયો અધ્યાતમમેં, ઉજવલજ્ઞાન અભંગ-મન૦ (૪)
યોં અરજિન ચરણાબુંજ લયસો, લીજે **અમૃત**[3] પદરંગ-મન૦ (૫)

---
૧. વીજળી ૨. મેઘમાં ૩. મોક્ષ

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

### (વાહણ પાંચસે પુરીયાં-એ દેશી)

આશ પૂરો [૧]અરનાથજી, સાતમો ચક્રધર સ્વામી રે
ભવિપંકજ પ્રતિબોધતો, શોધતો આતમરામીરે
મોહન મૂરતિ જિન તણી ॥૧॥

[૨]ગજપુર નગર અતિ સુંદરૂ, નામ [૩]સુદર્શન ભૂપરે
[૪]દેવીરાણી જસ માત છે, [૧]ગાલિતહેત [૫]તનુરૂપ રે મોહન૦ ॥૨॥

લંછન [૬]નંદાવર્તનું ધનુષ [૭]જસ ત્રીશનું માન રે
વરસ ચોરાશી હજારનું, [૮]જીવિત જાસ પ્રધાન રે-મોહન૦ ॥૩॥

[૯]ગણધર તેત્રીશ જાણીયે, [૧૦]સાધુ ગણ સહસ પંચાસ રે,
[૧૧]સાહુણી સાઠ સહસ ભલી, છોડવે મોહ ભવ-પાશ-રે-મોહન૦ ॥૪॥

[૧૨]યક્ષરાજા સુર યક્ષાણી, [૧૩]ધારિણી નામે કહેવાય રે,
પ્રભુ તણી આજ્ઞા શિર ધરે, **પ્રમોદસાગર** ગુણ ગાયરે-મોહન૦ ॥૫॥

---

૧. શુદ્ધ સોના જેવું

## કર્તા : શ્રી ભાણચંદ્રજી મ.

### (ઘણરા ઢોલા એ દેશી)

અર જિનવર અઢારમો રે, સાતમો ચક્રી સુખકર-સ્વામી ।
જય જય દેવી નંદન જય ! શિવગામી
ભવ સાયરનોં અર[1] લહ્યો રે, દૂર કર્યો ભવચક્ર-સુખકર સ્વામી૦॥૧॥
જન્મ સમે હોય પ્રભુ તણેરે, ત્રિભુવન માંહી ઉદ્યોત સુખ૦ ।
[2]ભારાકુલ [3]ધરા વીસમેરે, નારકી સુખીયાં હોત-સુખ૦॥૨॥
દિશિ પ્રસન્ન સર્વે તદારે, અનુકૂળ વાય સુવાય-સુખ૦
સુરલોકે વધામણા રે, વાસવ હર્ષ ન માય-સુખ૦॥૩॥
છપ્પન્ન દિશિકુમરી તિહાંરે, નિજ નિજ રિદ્ધિ સમેત-સુખ૦
સ્નાન-વિભૂષાદિક કરે રે, પ્રભુશું અધિકે હેત-સુખ૦॥૪॥
સુરગણ મળી સુરગિરિ જઈરે, અભિષેકે જગનાહ;-સુખ૦
નિજ ભવ ધન્ય ગણે થુણેરે, જય જય જગ-સથ્થવાહ-સુખ૦॥૫॥
નૃપ કારાગૃહ છોડવેરે, દિએ દાન અપાર, સુખ૦ ।
ઈમ માનવ સુખીયા સહુરે, પશુ સુખ પટહ અમાર-સુખ૦॥૬॥
ઈમ સહુને સુખાકારીયારે; સુખ કરો મુજને દયાળ; સુખ૦
**વાઘજી** મુનિના **ભાણ**ને રે, દ્યો શિવસુખ વિશાળ-સુખ૦॥૭॥

---

૧. કિનારો ૨. ભારથી થાકેલ ૩. પૃથ્વી

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

(મારગ રોકયો રે મુરારી શિર થકી મટોકી ઉતારી-એ દેશી)

શ્રીઅરજિનની સેવા કરીએ, તો સંસાર સમુદ્રને તરીએ ।
શિવ સુંદરીને સહજે વરીએ, ખોટાં વિઘન સવિ પરિહરીએ૦।।૧।।

સંપત્તિ સઘળી એહને નામે, આઠ મહાસિદ્ધિ નવનિધિ પામે ।
દુઃખડાં સહુએ દૂરે [૧]વામે, સફળ હોયે જે મનમેં કામે[૨]૦।।૨।।

[૩]મદમાતા અંગણ ગજ સોહે, રૂડા ઘોડા જનમન મોહે ।
બંધવ બેટા બેટી બહુળા, સેવ કરે ઘણા સેવક જમળા[૪]૦।।૩।।

મનગમતાં વ્હાલાનો મેળો, હોએ દુરજનનો અવહેલો ।
તેહનો કારણ જગમેં માને, દીન હીન થાએ વધતે વાને૦।।૪।।

નર-નારી મિલીને જશ ગાયે, જે પ્રભુજી તાહરો કહેવાયે ।
એ સવિ લીલા તાહરે ધ્યાને, શિષ્ય **ખુશાલ** થયો ઈક તાને૦।।૫।।

---

૧. જાય ૨. ઇચ્છીએ ૩. મદમસ્ત ૪. સમૂહ રૂપે

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

(ધણરા ઢોલા-એ દેશી)

શ્રી અરજિનજી માહરેરે, તુમશું અવિહડ રંગ-મનના માન્યા ।
રંગ પતંગ ન દાખવો રે, ચોળમજીઠ અભંગ-ગુણરા ગેહા.।।૧।।

ચાતક ચાહે મેહને રે, પીઉ પીઉ જંપે જસ નામ-મન૦ ।
પ્રેમપદારથ એહવારે, માહરે તુમશું કામ-ગુણ૦॥૨॥
સાચો સાજન સાહેબો રે, કાચો કેવળ કાચ-મન૦ ।
મૂલ ન હોવે જેહનો રે, હોવો તે સાચો સાચ-ગુણ૦॥૩॥
ગજપુરી નયરીનો ધણી રે, દેવી હો ! રાણી જાય-મન૦ ।
લંછન નંદાવર્ત સાથીઓ રે, પુરજન સેવે પાય-ગુણ૦॥૪॥
સુદર્શન-સુત સાહેબા રે, દરિશણ દ્યો મહારાય-મન૦ ।
**ચતુરવિજય** જિન-ધ્યાનથીરે, લીલાલહેર કરાય-ગુણ૦॥૫॥

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

### (રામચંદ્રકે બાગ આંબો મોરી રહ્યો રી-એ દેશી)

પ્રણમો શ્રી અરનાથ, શિવપુર સાથ ખરોરી ।
ત્રિભુવન-જન-આધાર, ભવ-નિસ્તાર કરોરી....॥૧॥

કરતા કારણ યોગ, કાર્ય-સિદ્ધ લહેરી ।
કારણ ચ્યાર અનૂપ, કાર્યથી તેહ ગ્રહેરી.....॥૨॥

જે કારણ તે કાર્ય, થાયે પૂર્ણ-પદેરી ।
ઉપાદાન તે હેતુ, માટી ઘટ જેમ વદેરી.....॥૩॥
ઉપાદાનથી ભિન્ન, જે વિણુ કાર્ય ન થાયે ।
ન હુવે કારય-રૂપ, કર્તાને વ્યવસાયે....॥૪॥
કારણ તેહ નિમિત્ત, ચક્રાદિક ઘટ-ભાવે ।
કાર્ય તથા સમવાય-કારણ નિયતને દાવે....॥૫॥

વસ્તુ અભેદ-સરૂપ, કાર્યપણું ન ગ્રહેરી ।
તે અ-સાધારણ હેતુ, કુંભે થાસ લહેરી....॥૬॥
જેહનો નવિ વ્યાપાર, ભિન્ન નિયત બહુ ભાવી ।
ભૂમિ કાળ આકાશ, ઘટ કારણ સદ્‌ભાવી....॥૭॥
એહ અપેક્ષા-હેતુ, આગમમાંહિ કહ્યોરી ।
કારણ પદ ઉત્પન્ન, કાર્ય થયે ન લહ્યોરી....॥૮॥
કર્તા આતમ દ્રવ્ય, કારય સિદ્ધિ-પણોરી ।
નિજ-સત્તાગત ધર્મ, તે ઉપાદાન ગણોરી....॥૯॥
યોગ-સમાધિ-વિધાન, અ-સાધારણ તેહ વદેરી ।
વિધિ-આચરણા ભક્તિ, જિણે નિજ કાર્ય સધેરી....॥૧૦॥
નરગતિ-પઢમ-સંઘયણ, તેહ અપેક્ષા જાણોરી ।
નિમિત્તાશ્રિત-ઉપાદાન, તેહને લેખે આણોરી....॥૧૧॥
નિમિત્ત હેતુ જિનરાજ, સમતા-અમૃતખાણી ।
પ્રભુ આલંબન સિદ્ધિ, નિયમા એહ વખાણી....॥૧૨॥
પુષ્ટ હેતુ અરનાથ, તેહના ગુણથી હીલીયે ।
રીઝ-ભક્તિ-બહુમાન, ભોગ-ધ્યાનથી મીલિયે....॥૧૩॥
મોટાને ઉછંગ, બેઠાને શી ચિંતા ? ।
તિમ પ્રભુ-ચરણ પસાય, સેવક થયા ન-ચિંતા....॥૧૪॥
અરપ્રભુ પ્રભુતા રંગ, અંતર-શક્તિ વિકાસી ।
**દેવચંદ્ર** આણંદ, અ-ક્ષય-ભોગ વિલાસી....॥૧૫॥

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

### (બંધ સમય ચિત્ત ચેતિયે)

રહો મન-મંદિર માહરે, દાસ કરે અરદાસ-વાલમજી ।
વશ નાવો [1]કિણ વાંકથી, નાણોજી તેહ નિવાસ-વા૦ રહો૦॥૧॥
[2]દૂષણ [3]દાખીને દીજીયે, [4]શિક્ષા [5]સારૂ-બોલ-વા૦ ।
તહત્તિ કરૂં હું તારકા ? તો લહું વંછિત મોલ-વા૦ રહો૦॥૨॥
નિ-સનેહી ગુણ તાહરો, જાણું છું જગદીશ !-વા૦ ।
છોડીશ કિમ[6]પ્રભુ-છાંયડી, વિણ દીધા[7]વિસવાવીસ-વા૦ રહો૦॥૩॥
કલ્પતરૂ જો [8]કર ચડયો, બાઉલ દે કોણ બાથ !-વા૦ ।
પામર નર કેમ પૂજિયે, ઓળખી શ્રી જગનાથ-વા૦ રહો૦॥૪॥
[9]અવલ ઉપમ અરનાથની અવરાં કુણ જણ જાત-વા૦ ।
**જીવણ** જિન-ગુણ ગાવતાં, હોશ્યે [10]ગુણનિધિ [11]ગાત-વા૦ રહો૦॥૫॥

---

૧. કયા ગુન્હાથી ૨. ભૂલ ૩. બતાવી ૪. શીખામણ ૫. માટે ૬. આપની નિશ્રા ૭. ચોક્કસ
૮. હાથે-પાસે મલ્યા ૯. ઉત્તમ ૧૦. સુંદર=પવિત્ર ૧૧. શરીર

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

### (મુનિસુવ્રત કીજે મયા રે )

[1]અલવેસર અવધારિયેજી, જગ-તારણ જિન-ભાણ ।
ચાહું છું તુજ ચાકરીજી, પણ ન મલે [2]અહિનાણ-
-પ્રભુજી ? છે મુજ તુજશું રે પ્રીતિ, જયું ઘન-ચાતક-રીતિ-પ્રભુજી૦॥૧॥
દુશ્મન કર્મ એ માહરાંજી, ન તજે કેડ લગાર ।
આઠેને આપ-આપણોજી, અવર-અવર અધિકાર-પ્રભુજી૦॥૨॥

ઘેરી રહે મુજને ઘણુંજી, ન મિલે મિલણ ઉપાય ।
જીવ ઉદાસ રહે સદાજી, કળ ન પડે તિણે ક્યાંય-પ્રભુજી૦॥૩॥
શિર ઉપરે તુમ સારીખોજી, જો છે પ્રભુ ! જિનરાય ।
તો કરશું મન ચિંતવ્યુંજી, દેઈ દુશ્મન-શિર પાય-પ્રભુજી૦॥૪॥
સન્મુખ થઈ મુજ સાહિબાજી, દુશ્મન દૂર નિવાર ।
**દાનવિજય**ની વિનતિજી, અર-જિનવર ! અવધાર-પ્રભુજી૦॥૫॥

૧. શ્રેષ્ઠ ૨. ઓળખાણ

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

### (સંભવ જિન અવધારીયે, મહેર કરી મહેરબાન સનેહી-એ દેશી)

શ્રી-અર-જિનવર વિનતિ, કીજે લાગી પાય-પ્રભુજી ! ।
તું પરમેસર સાચલો, મેં પરખ્યો મહારાય-પ્રભુજી શ્રી૦॥૧॥
રાખે રમણી રાગીયા, લાગીયા [૧]મનમથ-રંગ-પ્રભુજી ! ।
ઉતારે નહિ અંગથી ભગત ભણે નિઃકલંક-પ્રભુજી શ્રી૦॥૨॥
રીસ-ભરે આયુધ ધરે, કોઈ ક્રોધ વિરૂપ-પ્રભુજી ।
મોહ નટાવે નાચવ્યા, નાચે નટ્ટ-સ્વરૂપ-પ્રભુજી શ્રી૦॥૩॥
તું મન-માંહે ધરે નહિ, મોહ કોહ ને રાગ-પ્રભુજી ! ।
મૂરતિ નિરંજન દેખતાં, જાગે જબ વૈરાગ-પ્રભુજી શ્રી૦॥૪॥
ઉપશમવંત્ત હૈયા થકી, તું મત દૂરે થાય-પ્રભુજી ! ।
વૂઠયા **મેઘ**-પ્રસંગથી, વાયે શીતલ વાય-પ્રભુજી શ્રી૦॥૫॥

૧. કામદેવના

## કર્તા : શ્રી કેશરવિમલજી મ.

(પુક્ખલવઈ-વિજયે જ્યોરે-એ દેશી)

કવિ-કુમુદ-વન-[૧]કૌમુદી રે, સમરી શારદ-માય ।
અરજ કરૂં અર-જિનભણી રે, ભાવ ધરી મનમાંય-
જિણંદરાય ! અવધારો ! અરદાસ, તું પ્રભુ પૂરણ આશ-જિણંદ૦॥૧॥
તું સમરથ ત્રિહું લોકમાંરે ગિરૂઓ ગરીબ-નિવાજ ।
તુજ સેવાથી સાહિબા રે, સીઝે વાંછિત કાજ-જિણંદ૦॥૨॥
શિવ-સુખ-દાયક તું જયોરે, ભવ-ભય-ભંજનહાર ।
તુજશું મુજ મન-નેહલો રે, ચાતક જિમ જલ-ધાર-જિણંદ૦॥૩॥
તુજ પદ-પંકજ-ફરસથી રે, નિર્મલ આતમ હોય ।
લોહ સોવનતા જિમ લહેરે, [૨]વેધક-રસથી જોય-જિણંદ૦॥૪॥
તુજ પ્રણમીજે પૂજીયે રે, તે દિન સફલ [૩]વિહાણ ।
તુજ હિતથી પ્રભુ મુજતણું રે, જીવિત-જન્મ પ્રમાણ-જિણંદ૦॥૫॥
અંતરજામી માહરા રે, અરજ કરૂં કરજોડ ।
ભગતે તુમ પદ-સેવનારે, દ્યો ! મુજ એહીજ કોડ-જિણંદ૦॥૬॥
સુખ-દાયક ત્રિભુવન-ધણી રે, ભવ-જલ-તારણ નાવ ।
કેશરવિમલ ઈમ વિનવે રે, અરજિન-ભક્તિ-પ્રભાવ-જિણંદ૦॥૭॥

---

૧. ચંદ્રની ચાંદની ૨. સોનું બનાવનાર ૩. વ્હાણું=પ્રભાત

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

### (દેશી વીંછિયાની)

અર-જિન મુઝ મનમાં વસ્યો, વિહસ્યો અતિ આતમરામ રે ।
હરખ ઘણો હિય ઉલસ્યો, શ્રવણે સુણતાં પ્રભુ નામ રે-અર૦॥૧॥

જુગ જો જાઇ કેઈ વહી, તોહઈ ન મિટઇ જે લાગો રંગ રે ।
વેધક વિણ જાણે નહી, પ્રીતિ રીતિ તણો પરસંગ રે-અર૦॥૨॥

પામી સુગુણની ગોઠડી, કહો કિમ કરિ મૂકી જાય રે ।
સુગુણ-સાથઈ અણમિલ્યાં, ખિણ ઈક વરસાં સો થાય રે-અર૦॥૩॥

સાસ-ઉસાસઇ સાંભરે,પલ-પલ માંહિ સો વાર રે ।
વીસાર્યા નવિ વીસરાય, જે હુઇ આતમ આધાર રે-અર૦॥૪॥

સુગુણ સનેહી વાલહો, હિયડે ધરતાં જસ ધ્યાન રે ।
**કનકવિજય** કહે પામીએ, પરમોદય-પદ સુખ થાન રે-અર૦॥૫॥

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

### (દેશી હાડાની)

સાહિબ અરજિન દેવ રે, મન મોહન મ્હારા સુણ પ્રભુજી પ્યારા;
દરસણ દીજયૈ [1]દિલધરી દાસનેં રે
સુરનર [2]સારૈ સેવ રે, મન૦ સુણ૦, આતુર ચરણ તુમ્હારેં વાસનેં રે....॥૧॥

જો સેવક કરી જાણસ્યો-મન૦ સુણ૦ અવસર જાણી આશ્યા પૂરસ્યો રે ।
[3]હેજ [4]હીઇં જો આણસ્યો-મન૦ સુણ૦ તો સેવક દુઃખ ચૂરસ્યો રે....॥૨॥

ચોખે ચિત્ત કરી ચાહીએ-મન૦ સુણ૦ સેવક સાથે નેહ [5]નિવાહીએ રે ।
અવગુણ ગુણ અવગાહીએ-મન૦ સુણ૦ નિગુણો [6]તોહે [7]બાંહે [8]સાંહીઇં રે.....॥૩॥

જો શિવ અણ-માંગ્યા દીઓ-મન૦ સુણ૦, તો સમરથ પ્રભુજી માહરો રે ।
જો તપ-જપથી પામીએ-મન૦ સુણ૦ શ્યોરે [9]ભલપ્પણ ? પ્રભુજી ! તાહરો રે.....॥૪॥

ભવ-સાયરથી તારીઇ-મન૦ સુણ૦ શિવસુખ દીજયૈ સેવક જાણીને રે ।
વિનતડી અવધારીઇં-મન૦ સુણ૦**રૂચિર** પ્રભુજી ચિત્તમાં આણીયે રે....॥૫॥

---

૧. બાણથી ખરેખર ૨. કરે છે ૩. પ્રેમ ૪. હૈયામાં ૫. નભાવીએ ૬. તો પણ ૭. હાથથી ૮. પકડીએ ૯. સારાપણું

## કર્તા : શ્રી ભાવપ્રભસૂરિ મ.

(મન મોહનાં લાલ-એ દેશી)

અર-જિણંદ આરાહીઇ રે-ચિત્ત શોધના-લાલ ।
નિરમલ સૂત્ર-વિધિ પેખ રે-પાપ-રોધના લાલ ।
મન વચન કાય થિરઈ રે-ચિત્ત૦, ઉલ્લસિત ભાવ-વિશેષ રે-પાપ૦ ॥૧॥

વિષય-કષાય શમાવતો રે-ચિત્ત૦, ન કરઇ આશાતન એક રે-પાપ૦ ।
શુદ્ધ દ્રવ્ય-સુગંધથી રે-ચિત્ત૦, પૂજઇ પ્રભુને વિવેક રે-પાપ૦ ॥૨॥

વણિક્-કલા નવિ કેલવઈ રે-ચિત્ત૦, મોટું ધરઈ મન ઉદાર રે-પાપ૦ ।
શુભ અનુષ્ઠાન હોય ઉજલાં રે-ચિત્ત૦, પૂજાનઇ અધિકાર રે-પાપ૦ ॥૩॥

ભાવ-પૂજાનું હેતુ એ રે-ચિત્ત૦, છે દ્રવ્ય-પૂજા વિશુદ્ધ રે-પાપ૦ ।
ત્રિવિધ અ-વંચક યોગથી રે-ચિત્ત૦, મુગતિ કહે છે વિબુધ રે-પાપ૦ ॥૪॥

જિન-મારગ માંહિં આણવારે-ચિત્ત૦, પહેલું પગથીઉં એહ રે-પાપ૦ ।
શ્રી **ભાવપ્રભ** સેવે સદા રે-ચિત્ત૦, સમકિત-દૃષ્ટિ જેહ રે-પાપ૦ ॥૫॥

## કર્તા : શ્રી રતનવિજયજી મ.

### (સંભવ-જિનવર વિનતિ-એ દેશી)

અર-જિનવર દીયે દેશના, સાંભળજો ભવિ પ્રાણી રે ।
મીઠી સુધા-રસ-સારિખી, સુણીયે અનુભવ આણી રે-અર૦॥૧॥

આળસ-મોહ-અજ્ઞાનતા, વિષય-પ્રમાદને છંડી રે ।
તન્મય-ત્રિકરણ-જોગશું, ધરમ સુણો ચિત્ત મંડી રે-અર૦॥૨॥

દશ-દ્રષ્ટાંતે દોહિલો, નર-ભવનો અવતાર રે ।
સુર-મણિ સુર-ઘટ સુર-તરૂ, તેહથી અધિકો ધાર રે-અર૦॥૩॥

એહ અસાર-સંસારમાં, ભમીયો ચેતન એહ રે ।
ધર્મે વરજિત દિન ગયા, હજીય ન આવ્યો છેહ રે-અર૦॥૪॥

જ્ઞાન-દર્શનમય આતમા, કર્મ-પંકે અવરાણો રે ।
શુદ્ધ-દશા નિજ હારીને, અતિશય-દોષે ભરાણો રે-અર૦॥૫॥

દોષ-અનાદિથી ઉદ્ધરે, જૈન-ધર્મ જગ સાર રે ।
સકલ-નયે જો આદરે, તો હોય ભવોદધિ-પાર રે-અર૦॥૬॥

જિન-આણા જે આરાધતા, વિધિ-પૂર્વક ઉજમાળ રે ।
સાધે તે સંવર-નિર્જરા, પામે મંગળ-માળ રે-અર૦॥૭॥

ચક્રી ભરતે સાતમો, અઢારમો જિન રાય રે ।
**ઉત્તમવિજય**-કવિ રાજનો, **રતનવિજય** ગુણ ગાય રે-અર૦॥૮॥

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

**(કિ રાયજી ! અમે નિ હિંદુઆણી રાજ-ગરાસીયા રે લોલ,**
**કિ માહરા લાલજી રે લો-એ દેશી)**

કિં સાહિબા ! ચિત્તમેં [1]નઇં સંભારું,
રાઉલા નામને લો ! કિં-માહરા નાથજી રે લો ।
કિં સાહિબા ! જિમ મનઇં, સંભારઇં સીતા રામને રે લો-કિં માહરા૦
કિં સાહિબા ! અમે[2]તઇં સંભારી, રાજ જિણેસરુ રે લો-કિં સાહિબા૦ ॥૧॥

કિં સાહિબા ! અલજો નઇં આંખડી, પ્રભુજી પેખવા રે લો-કિં માહરા૦।
જિમ તિ ચકોર દેખતા રે લો !, કિં માહરા૦ કિં સાહિબા૦ ॥૨॥

કિં સાહિબા ! અલગાં થકી મનડું ઉલસઇં રે લો-કિં માહરા૦ ।
મેહ-ઘટાસ્યું ચાતક જયું હસિ રે લો ! કિં માહરા૦ કિં સાહિબા૦ ॥૩॥

અંગઇં ઉમાહિ અતિહિ ભેટવા રે લો-કિં માહરા૦ ।
પૂજા કરીનઇ પાતક મિટવા રે લો !, કિં માહરા૦ કિં સાહિબા૦ ॥૪॥

કિં સાહિબા ! મહિર કરીનઇં, મુજરો માનીઇ રે લો-કિં માહરા૦ ।
અરજ સુણીને [3]ઉરમાં આણીએ રે લો !, કિં માહરા૦ કિં સાહિબા૦ ।।૫।।

માતા દેવીનો નંદન ગાવતાં રે લો !-કિં માહરા૦ ।
સુખડાં પામીજે મનને ભાવતાં રે લો ! કિં માહરા૦ કિં સાહિબા૦ ।।૬।।

રાય સુદર્શન કુંઅર દીપતો રે લો ! કિં માહરા૦ ।
કિં સાહિબા ! **માણેકમુનિ** સિર પર છાજતો રે લો !
કિં માહરા૦ કિં સાહિબા૦ ।।૭।।

---

૧. રોજ ૨. તેમ ૩. મનમાં

## કર્તા : શ્રી દીપવિજયજી ગણિ મ.

**(કંતજી કામિની કાં તજી રે-એ દેશી)**

શ્રી અરનાથ પ્રાણેશરુ રે, જીવ-જીવન જગમિત્ત ।
આતમ-ધ્યાનની લહેરમાં રે, રમણ કરે સુપવિત્ત-
-સુગુણ-શિરોમણિ સાહિબો રે૦...।।૧।।

સુદર્શન સ્વર્ગમાં રે, ભોગવી અમરની ઋદ્ધ ।
નાગપુરે આવી ઉપનોં રે, અરિહંત-રૂપી પ્રસિદ્ધ-સુગુણ૦...।।૨।।

[1]મયગલ જોનિ વિશ્વંભરુ રે, સુ-વિલાસી ગણ દેવ ।

જગ-હિત-વચ્છલ રેવતી રે, મીન-રાશિ સુખમેવ-સુગુણ૦...॥૩॥

તિન વરસ છદ્‌મસ્થમાં રે, અવલંબી શુભ ધ્યાન ।
[2]દેવતરૂ-[3]અધ પામીયારે, નિરમલ કેવલ નાણ-સુગુણ૦...॥૪॥

નામ-ગોત્ર કર્મ ભોગવી રે, વરીયા અખય પદ સાર ।
સહસ મુનિ શું દિપે વિભુ રે, શિવપુર-નગર-મોઝાર-સુગુણ૦...॥૫॥

---

૧. હાથી ૨. ઝાડનું નામ છે ૩. નીચે

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિજી મ.

અરનાથ સુદંસણ પિઅ (૧) તહ રાણી દેવી (૨),

મીન રાશઈ (૩) લંછણ નંદાવર્ત્ત પયસેવી (૪) ।

હત્થિણાઉરિ જાણઉ જન્મ (૪) નાણ (૬) વલી દિક્ખ (૭)

સવિ સહસા સાહુણી (૮)

સાહુ તિમ [1]અધ લકખ (૯) ॥૧॥

તેતીસે ગણહર (૧૦) તીસ ધણુ (૧૧) કણયંગ (૧૨)

ચેઈ તરુ અંબગ (૧૩) અપરાજિત ધરી રંગ (૧૪)

રેવઈ રિક્ખ (૧૫) વરિસહ આઉઅ સહસ ચઉરાશી (૧૬)

છઠિ સંજમ (૧૭)

લખ ઈગ સાવય સહસ ચઉરાશી (૧૮) ॥૨॥

સિરિ કુંથુ-અરંતર કોડિ સહસ વાસ ઉણું,

પલ્લ ભાગ ચઉ તિહાં ભાગ એક વિચિ જાણું (૧૯) ।

સવ્વત્થ વિમાણહં (૨૦) જક્ખિંદહ જિણજકખ (૨૧)

ધરણી તહ દેવી (૨૨) સંમેતઈ શિવ સુક્ખ (૨૩) ॥૩॥

સાવિઅ લક્ખતિન્નિ અ સહસ બિસત્તરિસા (૨૪)

તિત્થંકર અરજિન સેવઈ સુર નર વીર ।

તુમ્હ નામ ઈ પામઈ લખમી લીલ-વિલાસ,

ગણી **ધર્મકીર્તિ** પ્રભુ પુરઈ મનની આસ ॥૪॥

---

૧. અર્ધો લાખ=પચાશ હજાર

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

### (દેઉ દેઉ રે નણંદ હઠીલી-એ દેશી)

અરનાથ અરજ અવધારો, નિજ-ભક્તનાં કાજ સધારો રે
-મન મોહના મહારાયા।
સંસાર-પારાવારે, જલ-ઘોલના ન્યાય વિચારો રે -જગ સોહના જિનરાયા ।।૧।।

પુદગલ-પરિવર્ત અનંતા, થયાં ભવ-કલ્લોલ ભમતાં રે-મન૦।
મનુજ ક્ષેત્ર કુલ આર્ય, ગુરુ-શ્રુતિ-સદ્દહણા સુકાર્ય રે-જગ૦ ।।૨।।

એહવી-સામગ્રીને અ-ભાવે , જિનધર્મ ન લાધો સુભાવે રે-મન૦।
નિયતે લઘુ-કર્મા થઈને, અનુક્રમે ગુણ-ઠાણ લેઈને રે-જગ૦ ।।૩।।

જિનધર્મ કલ્યાણક દેખી, તિહાંથી કુગુરૂ કુદેવ ઉવેખી-મન૦।
વલી સુગુરૂ સુદેવ ઉપાસી, થયો સૂધો જિનમત વાસી રે-જગ૦ ।।૪।।

ઈમ વ્યક્ત-મિથ્યાત્વનેં વામ્યો, અ-વ્યક્ત-નિવારણ કામો રે-મન૦।
ષટ્ ખંડ-જેતાર જિણંદા, જિસા અંતર ષટ રિપુ વૃંદા રે-જગ૦ ।।૫।।

નિજ-તુલ્ય-કરણ તુમ શક્તિ, તુમેં મુઝ કામેં કરો વ્યક્તિ રે-મન૦।
ગુરુ સૌભાગ્યચંદ્ર પસાયા, લહી, **સ્વરૂપચંદ** ગુણ ગાયા રે-જગ૦ ।।૬।।

## કર્તા : શ્રી જશવિજયજી મ.

### (મારો મુજરો લોને રાજ-એ દેશી)

મારા સાહિબ ! શ્રીઅરનાથ ! અરજ સુણો એક મોરી ।
પ્રભુજી ! પરમ કૃપાલુ, ચાકરી ચાહું તોરી ।
ચાકરી ચાહું પ્રભુ-ગુણ ગાઉં, સુખ અનંતા પાઉં-મારા૦ ॥૧॥

જિન-ભગતે જે હોવે રાતા, પામે પર-ભવ શાતા ।
પ્રભુ-પૂજાએ આળસુ થાતા, તે દુઃખીયા પર-ભવ જાતા-મારા૦ ॥૨॥

પ્રભુ-સહાયથી પાતક ધ્રૂજે, સારી શુભ મતિ સૂઝે ।
તે દેખી ભવિયણ પ્રતિ-બૂઝે, વળી કર્મ-રોગ સવિ રૂઝે-મારા૦ ॥૩॥

સામાન્ય-નરની સેવા કરતાં, તો પણ પ્રાપ્તિ થાય ।
તો ત્રિભુવન-નાયકની સેવા, નિશ્ચય નિષ્ફળ ન જાયા-મારા૦ ॥૪॥

સાચી સેવા જાણી પ્રાણી જે જિનવર આરાધે ।
શ્રી **ખિમાવિજય** પય પામી પુણ્યે, જશ-સુખ લહે નિરાબાધે-મારા૦ ॥૫॥

## કર્તા : શ્રી જ્ઞાનવિમલસૂરિજી મ.

(તુજ સાથે નહી બોલું ઋષભજી ! તેં મુજને વિસારીજી એ દેશી)

શ્રી અરનાથ ! સ-નાથ કરો-મુજ જાણો સેવકભાવેજી
ભવ-ભવ-સંચિત બહુ પાતિકડાં, જિમ તે અલગાં જાવેજી ।
કાલ-અનાદિ અનંત વહ્યો એમ, તુમ સેવા નવિ થાવેજી
કોઈક કર્મ-વિવર-સુપસાયે, શુભ-રૂચિ ગુણ પ્રગટાવેજી..।।૧।।

તુમ ગુણ-અનુભવ ધવલ-[૧]વિહંગમ, લીલા કરતો આવેજી
મુજ [૨]માનસ માનસ-સરમાંહિ, જો કબહી રતિ પાવેજી
વાણી-ચંચુતણે સુપસાયે, તત્વ-ખીર પ્રગટાવેજી
નીરપરે જે અલગા દાખે, દંભ-સ્વભાવ-વિભાવેજી..।।૨।।

દર્શન પ્રીતિ [૩]સગુણ-મુક્તાફલ કંઠે હાર બનાવેજી
સહજ સંતોષ લહે તવ સમતા, ઘૂઘરી-નાદ બજાવેજી
શુભમતિ-પરિણતિ હંસી સાથે [૪]કેલી કરી રતિ પાવેજી
શુદ્ધ-હંસ-સંતતિ-નિર્માપણ, કારણ ગુણ ઉપજાવેજી..।।૩।।

કુમતિ-કમલિની-કંદ ઉખેડે શુદ્ધ-સુભૂમિ જગાવેજી
નિશ્ચયનય-વ્યવહારે બિહુ-પખ, શોભા સમુદાય થાવેજી
[૫]કલુષ [૬]કુશાસન જલ નવિ સેવે, ધરતો સમતા ભાવેજી
જિન શાસનમાં રાજહંસ-સમ, આતમ-નામ ધરાવેજી..।।૪।।

એવો અનુભવ-હંસ તે પરખે, જં પ્રભુ ધ્યાને ધ્યાવેજી
બાહ્યાચરણ [7]છારોદક-સરિખાં તેહને દાય ન આવેજી
ગુણી-જન-સેવા ને તુમ આણા, હેજે રસ ચિત્ત લાવેજી
**જ્ઞાનવિમલસૂરિ** નૂર-મહોદય, દિન-દિન અધિકો થાવેજી..।।૫।।

---

૧. પક્ષી ૨. મનરૂપ માનસરોવરમાં ૩. સારા ગુણવાળા ૪. ક્રીડા ૫. ખરાબ ૬. જૈનેતર દર્શન રૂપ પાણીમાં ૭. ખારા પાણી

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

### (રાગ-શ્રીરાગ)

ભજ ભજ રે મન અર-ચરનં । ભવ-જલ પતિત ઉધારન ભવિકો
[1]તરની જ્યોં તારન-તરનં-ભજ૦।।૧।।

નમિત-અમર-ગણ શીશ મુકુટ મણી, તાકી[2] દ્યુતિ અધિકી ધરન।
વિપતિ-વિદારક સંપતિ-કારક, પૂરવ-સંચિત [3]અઘહરનં-ભજ૦।।૨।।

[4]ઇતિ અનીતિ [5]ઉદંગલ વારક, નિત નવનવ મંગલકરનં ।
**ગુણવિલાસ** સુર-કિન્નર વંદિત, [6]ભીતજનાં અસરન-સરનં-ભજ૦ ।।૩।।

---

૧. વહાણની પેઠે ૨. કાંતિ ૩. પાપ હરનાર ૪. ઉપદ્રવ ૫. ઉત્પાત ૬. ડરેલા મનુષ્યો અથવા જેને કોઇનું શરણ નથી એવા ને આપ શરણ રૂપ છો

## કર્તા : શ્રી જગજીવનજી મ.

### (રાગ-વસંત ધમાલ)

સકલ પ્રાણી સુખ-કારણો હો, તારણો ત્રિભુવન સ્વામિ !
સુરપતિ-પદ-સેવિત સદા હો, મનમોહન જ્ઞાન-ગુણ ધામ-
-અરનાથ જિણેસર સેવીયેં હો !
અહો મેરે જિનજી શિવ-સંપત્તિ દાયક દેવ-અર૦॥૧॥

ગજપુર નયર વખાણીએ હો, સુદર્શન જિન તાત !
દેવીમાતા-સુત શોભતાં હો, જિન ત્રાયક જિન જગ ત્રાત-અર૦॥૨॥

જનમ જાણી સુરસુંદરી હો, આવી હરખ અપાર !
ઓચ્છવ કરત ઉલટ ધરી હો, વિબુધ-સ્ત્રી પોહતી [1]નિજાગાર-અર૦॥૩॥

અનુક્રમે ષટ ખંડ સાધીયા હો, આવીયા ગજપુર ગેહ !
લોકાંતિક ઉપદેશથી હો ! નાથ, સંયમ લીધો ધરી નેહ-અર૦॥૪॥

અષ્ટકર્મ જે અનાદિના હો, અરિયણ તેહ અપાર !
ધ્યાનાનલ કરી તે દમ્યા હો, વરદાયક કીયા ખણવાર-અર૦॥૫॥

કેવલ લહી શિવ પામીયા હો, તીરથનાથ દયાલ !
સાદિ-અનંત સુખસંપદા હો, લહી મોહન દેવ કૃપાલ-અર૦॥૬॥

સંવત અઢાર દશ શોભતા હો, ફાગુણ માસ પ્રધાન
કંડોરડેં સંઘ-સુખકરુ હો, ધર્મધોરી વસેં દયા-નિધાન-અર૦ ॥૭॥

શ્રી સંઘના આગ્રહ થકી હો, સ્તવિયા અરજિનરાય !
નવનિધિ-દાયક નાથના હો, ગણી **જગજીવન** ગુણ ગાય-અર૦ ॥૮॥

---

૧. પોતાના સ્થાને

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

### (રાગ-ગુજરી)

અરજિન નાયક સ્વામી હમારો ।
આઠ કરમ અરિયણ બલવંતે,જીતે સુભટ [૧]અટારો-અર૦॥૧॥

ઐસો કોઈ ઓર ન હોઈ, પ્રભુ સરીખો બલધારો ।
મદન ભયો જિણ ભય અ-શરીરી, કહા કરે સુ-વિચારો-અર૦॥૨॥

દોષ-રહિત ગુણ પાર ન લહીયે, તાકી સેવા સારો ।
કહે **જિનહર્ષ** દોય કર જોડી, અબ સેવકકું તારો-અર૦॥૩॥

---

૧. પ્રબળ=ખરાબ


# શ્રી અરનાથ ભગવાનની થોય

## શ્રી વીરવિજયજી કૃત થોય

અરવિભુ રવિ ભૂતલ દ્યોતક;
સુમનસા મન સાર્ચિતપત્કજે;
જિનગિરા નગિરા પરતારિણી,
પ્રણત યક્ષપતિ **વીર** ધારિણી....॥૧॥

## શ્રી પદ્મવિજયજી કૃત થોય

અર જિનવર રાયા, જેહની દેવી માયા,
સુદર્શન નૃપ તાયા, જાસ સુવર્ણ કાયા;
નંદાવર્ત પાયા, દેશના શુદ્ધ દાયા,
સમવસરણ વિરચાયા, ઈંદ્ર-ઈંદ્રાણી ગાયા...॥૧॥



## અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય
શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

# શ્રી અરનાથ ભગવાનની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : સુદર્શનરાજા | માતાનું નામ | : દેવીરાણી |
| જન્મ સ્થળ | : ગજપુરી | જન્મ નક્ષત્ર | : રેવતી |
| જન્મ રાશી | : મીન | આયુનું પ્રમાણ | : ૮૪૦૦૦ વર્ષ |
| શરીરનું માપ | : ૩૦ ધનુષ | શરીરનો વર્ણ | : સુવર્ણ |
| પાણિ ગ્રહણ | : ૬૪૦૦૦સ્ત્રી | કેટલા સાથે દીક્ષા | : ૧૦૦૦ સાધુ |
| છદમસ્થ કાળ | : ત્રણ વર્ષ | દીક્ષા વૃક્ષ | : આંબાનું વૃક્ષ |
| ગણધર સંખ્યા | : ૩૩ | જ્ઞાન નગરી | : ગજપુરી |
| સાધુઓની સંખ્યા | : ૫૦,૦૦૦ | સાધ્વીઓની સંખ્યા | : ૬૦,૦૦૦ |
| શ્રાવકની સંખ્યા | : મીન | આયુનું પ્રમાણ | : ૩,૭૨,૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | : ૩૦ ધનુષ | શરીરનો વર્ણ | : ધારિણી |
| પ્રથમ ગણધરનું ના | : ૬૪૦૦૦સ્ત્રી | કેટલા સાથે દીક્ષા | : રક્ષિતા |
| મોક્ષ આસન | : ત્રણ વર્ષ | દીક્ષા વૃક્ષ | : ત્રણ ભવ |
| | : ૩૩ | જ્ઞાન નગરી | |
| ચ્યવન કલ્યાણક | : ફાગણ સુદ ૨ | જન્મ કલ્યાણક | : માગશર સુદિ ૧૦ |
| દીક્ષા કલ્યાણક | : માગશર સુદિ ૧૧ | કેવલજ્ઞાન કલ્યાણક | : કારતક સુદિ ૧૨ |
| મોક્ષ કલ્યાણક | : માગશર સુદિ ૧૦ | મોક્ષ સ્થાન | : સમેતશિખર |

મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૯૦૩